


# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

Page 15

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 54, Dt. 01-07-2026 (WEDNESDAY) Rs. 02/- Page : 28, RNI No. GUJGUJ/2023/84789


### પૂર્વ ઉર્જા મંત્રીના નજીકના સમીર પટેલ બોટાદ લઠ્ઠાકાંડના સુત્રધાર હતા !

# દ્વારકા મંદિરના ટ્રસ્ટી સમીર પટેલે બ્રાહ્મણોને ચોર કહ્યા હતા !

## ગુગળી બ્રાહ્મણોએ CM સુધી લેખિતમાં રજૂઆત કરી હતી

**શ્રી બેટ દ્વારકા ધર્મરક્ષા સમિતિએ ફરીવાર આર યા પારની લડાઈના એંધાણ આપી દીધા છે**



॥ શ્રી જય દ્વારકાધીશ ॥

**શ્રી બેટ દ્વારકા ધર્મરક્ષા સમિતિ બેટ**

C/o. મીરાબાઈ રોડ, મંદિરની બાજુમાં, બેટ-361 330.

| અજય જે. રાઠોડ | અતુલ આર. ભટ્ટ | ધર્મેન્દ્ર જે. ઠાકર | તરૂણ આર. પાટ |
|---|---|---|---|
| પ્રમુખશ્રી | ઉપપ્રમુખશ્રી | મંત્રીશ્રી | ટ્રસ્ટીશ્રી |
| 84870 33999 | 94288 64825 | 95743 09000 | 94262 34816 |

O/C

તા.૮/૮/૨૦૨૨

પ્રતિશ્રી,
પ્રાંત અધીકારી
દ્વારકા

રવાનગી કલાર્ક
પ્રાંત અધિકારીની કચેરી
દ્વારકા

બાબત : બેટ દેવસ્થાન સમિતિના ટ્રસ્ટીશ્રી સમીરભાઈ પટેલની ગેર વર્તણુંક બદલ ફરિયાદ અંગેનું આવેદનપત્ર.

જય દ્વારકાધીશ સહ જણાવવાનું કે,

તા. ૨૯-૦૪-૨૦૨૨ના રોજ દિલ્હીથી કેન્દ્ર સરકારશ્રીના તથા સાંસદશ્રીઓ બેટ દ્વારકાના દર્શનાર્થે આવેલ જેમની સાથે કેટલાક અધિકારીશ્રીઓ પણ હતા. તે વખતે ગુગ્ગળી બ્રાહ્મણો દ્વારા શ્રી દ્વારકાધીશજીના મંદિરનો ઈતિહાસ, સંસ્કૃતી તથા દાનના મહિમાં વિશે જાણકારી આપેલ અને મહેમાનોએ પોતાની યથાશક્તિ અનુસાર દાન ગુગ્ગળી બ્રાહ્મણોને આપેલ જે તેમનો દાન લેવાનો હક્ક છે. આ વાત મંદિરના ટ્રસ્ટીશ્રી સમીરભાઈ પટેલને ખુંચેલ તેથી મહેમાનોની હાજરીમાં સમગ્ર ગુગ્ગળી બ્રાહ્મણો તથા બ્રાહ્મણોનું અપમાન થાય તે રીતે જાહેરમાં દિલ્હીથી આવેલ મહેમાનો તથા અધિકારીશ્રીઓની હાજરીમાં બ્રાહ્મણ લોકો ચોર છે તેવા શબ્દોનો ઉપયોગ કરી સમગ્ર ગુગ્ગળી બ્રાહ્મણ તથા બ્રાહ્મણોનું જાહેરમાં અપમાન [illegible]લ હતું. આમ બ્રાહ્મણ સમાજના લોકોનું ટ્રસ્ટીશ્રી સમીરભાઈ પટેલ દ્વારા જાહેરમાં અપમાનીત કર[illegible]રકાધીશ મંદિર અને તેના ટ્રસ્ટીગણને શરમજનક સ્થિતીમાં મુકાઈ જવું પડે તેવા સંજોગો ઉભા થયેલ [illegible]

આ બાબતે શ્રી ગુગ્ગળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા એક આવેદન પત્ર તા[illegible]૯-૪-૨૦૨૨ના રોજ સમીરભાઈ પટેલએ બ્રાહ્મણોને જાહેરમાં ચોર કહ્યા હતા. તેની જાણકારી [illegible]રાત સરકારના મુખ્યમંત્રીશ્રી તથા સનંદી અધિકારીશ્રીઓને લેખિતમાં આપેલ છે. તે બાબતે સરકા[illegible] દ્વારા મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય લેટર ક્રમાંક નં. LF/2022/2031, તા. ૦૯/૦૫/૨૦૨૨ તથા ક[illegible]ર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, દેવભૂમિ દ્વારકાના લેટર ક્રમાંક નં. સમન-૧/લોક ફરીયાદ-૨૦૩[illegible]/૨૦૨૨ તા. ૧૭/૦૫/૨૦૨૨એ પણ બેટ દેવસ્થાન સમિતિના ટ્રસ્ટીશ્રીઓને આ લેટરો દ્વારા [illegible]વેલ કે તાત્કાલીક ધોરણે અરજદારશ્રી શ્રી ગુગ્ગળી બ્રાહ્મણ જ્ઞાતિનું જે આવેદન તા. ૨૯/૦૪/૨[illegible]ના રોજ આપવામાં આવેલ છે. તેની યોગ્ય

...૨...

[illegible]મું : ધર્મેન્દ્ર જયંતીલાલ ઠાકર
[illegible], મું. બેટ, તા. દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકા – 361 330.
[illegible]endrathaker66@gmail.com





**સિટી ન્યૂઝ@રાજકોટ**

પવિત્ર યાત્રાધામમાં ચાલી રહેલા વહીવટી અંધાધૂંધી અને સત્તાના બેફામ દુરુપયોગ મામલે ભારે ખળભળાટ મચી ગયો છે. મંદિરના ઇન્ચાર્જ મેનેજર અને સંબંધિત અધિકારીઓ દ્વારા મનમાની ચલાવવામાં આવતી હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. તાજેતરમાં દિલ્હીથી આવેલા વિશેષ મહેમાનોની ઉપસ્થિતિમાં ગુગળી બ્રાહ્મણ સમાજ સાથે અયોગ્ય વર્તન અને હડહડતું અપમાન કરવામાં આવ્યું હોવાની ઘટનાએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રી કચેરી (CMO) અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવેલી સ્પષ્ટ સૂચનાઓની સદંતર અવગણના કરવામાં આવી રહી છે. મંદિરના દૈનિક સંચાલન અને મહત્વના નિર્ણયોમાં પારદર્શિતાનો સંપૂર્ણ અભાવ વર્તાઈ રહ્યો છે. વિકાસના કામો ગોકળગાયની ગતિએ ચાલી રહ્યા છે અને આ માટે ફાળવાયેલા ફંડના ઉપયોગ અંગે પણ શંકાની સોય ચિંધાઈ રહી છે. આ ઉપરાંત, મંદિરની જમીન અને અમૂલ્ય સંપત્તિના ઉપયોગમાં પણ મોટી ગેરરીતિ થતી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.એક તરફ કરોડોનું ફંડ ફાળવાતું હોવાના દાવા થાય છે, પરંતુ બીજી તરફ દૂર-દૂરથી દર્શનાર્થે આવતા યાત્રાળુઓને પીવાનું શુદ્ધ પાણી અને સ્વચ્છતા જેવી પાયાની સુવિધાઓ પણ ઉપલબ્ધ નથી. માત્ર એટલું જ નહીં, મંદિર સંચાલિત ગૌશાળામાં પણ ગાયો અને અન્ય પશુઓની યોગ્ય સંભાળ ન રાખવામાં આવતી હોવાના આક્ષેપ સાથે જીવદયા પ્રેમીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. ગુગળી બ્રાહ્મણ સમાજ અને શ્રદ્ધાળુઓએ સત્તાનો દુરુપયોગ કરી રહેલા ઇન્ચાર્જ મેનેજર સામે તાત્કાલિક ઉચ્ચસ્તરીય તપાસ કરી કડક કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ ઉઠાવી છે.બેટ દ્વારકાના વિશ્વપ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિરના વહિવટને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. બેટ દ્વારકા ધર્મ રક્ષા સમિતિ દ્વારા ટ્રસ્ટી સમીર પટેલ અને મેનેજમેન્ટ સામે અનેક ગંભીર આક્ષેપો સાથે વિગતવાર આવેદનપત્ર રજૂ કરવામાં આવ્યું છે, જેના કારણે સમગ્ર મામલો ગરમાયો છે. આવેદનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, ૨૯ એપ્રિલ ૨૦૨૨ના રોજ દિલ્હીના મહેમાનોની હાજરીમાં ગુગળી બ્રાહ્મણ સમાજનું અપમાન કરવામાં આવ્યું હતું. આ ઘટનાને લઈને સમાજમાં ભારે રોષ ફેલાયો હતો.

### મહાપાલિકાના કમિશનર કોને બચાવી રહ્યા છે ?

# જે અધિકારી કૌભાંડની તપાસ કરે છે તેઓ ત્યારે ઈન્ચાર્જ હતા સાંસ્કૃતિક વિભાગના !

## 2023થી 2025 સુધીમાં ડેપ્યુટી કમીશનર સી.કે.નંદાણી, ડેપ્યુટી કમીશનર હર્ષદ પટેલ અને ભરત કાથરોટીયા આ સમયમાં સાંસ્કૃતિક વિભાગમાં ઈન્ચાર્જની ભૂમિકામાં હતા





તસવીરઃ અક્ષય ગોંડલિયા

# આ છે મનપાની પારદર્શિતા ?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ડિમોલિશન બિલ કૌભાંડને લઈને બનેલી તપાસ કમિટી હવે પોતે જ સવાલોના ઘેરામાં આવી ગઈ છે. કૌભાંડની તપાસ માટે જે અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે, તેમની ભૂમિકા જ હવે શંકાસ્પદ બની રહી છે. તપાસ કમિટીમાં સામેલ ડેપ્યુટી કમિશનર ચેતન નંદાણી, હર્ષદ પટેલ અને ભરત કાથરોટીયાaII ત્રણેય અધિકારીઓ ૨૦૨૩થી ૨૦૨૬ની શરૂઆત સુધી સાંસ્કૃતિક વિકાસ વિભાગમાં સહાયક કમિશનર તરીકે જવાબદારી સંભાળી ચૂક્યા છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, જે વિભાગના બિલ અને ટેન્ડર પ્રક્રિયાની તપાસ સોંપાઈ છે, એ જ વિભાગમાં આ અધિકારીઓ અગાઉ ઈન્ચાર્જ રહી ચૂક્યા છે. જેઓ નિર્ણયમાં હતા, એ જ હવે તપાસમાં! ૨૦૨૩માં ફાઈનલ થયેલા ટેન્ડર અને તેના આધારે થયેલા બિલોની મંજૂરી તે સમયે લગત સહાયક કમિશનર, નાયબ કમિશનર અને કમિશનર સ્તરે થઈ હતી.હવે એ જ ચેઈનમાં રહેલા અધિકારીઓને તપાસ સોંપાતા મોટો સવાલ ઊભો થાય છે. શું તેઓ નિષ્પક્ષ તપાસ કરી શકશે? શું આ ઈન્ક્વાયરી માત્ર ઔપચારિકતા બની રહેશે?

આ સમગ્ર મામલે હાલના ચાર્જમાં રહેલા અધિકારીઓની કોઈ સીધી ભૂમિકા નથી, કારણ કે ટેન્ડર અને બિલોની પ્રક્રિયા વર્ષ ૨૦૨૩માં જ પૂર્ણ થઈ ગઈ હતી. છતાં તપાસ જૂના જ અધિકારીઓને સોંપાતા પારદર્શિતાને લઈને પ્રશ્નો વધી રહ્યા છે.વિપક્ષ અને શહેરના જાગૃત નાગરિકોમાં ચર્ચા છે કે "જેઓના સમયમાં આ કૌભાંડ થયું, એ જ અધિકારીઓ હવે તેની તપાસ કરશે તો સત્ય બહાર આવશે કે દબાઈ જશે?"

આ સમગ્ર મુદ્દે હવે સ્વતંત્ર અને નિષ્પક્ષ એજન્સી દ્વારા તપાસ કરવાની માંગ જોર પકડી રહી છે. લોકોમાં માન્યતા છે કે, જો પારદર્શિતા જાળવવી હોય તો કમિટીની પુનરચના જરૂરી બની શકે.મોટા સવાલો એ છે કે શું તપાસ કમિટી નિષ્પક્ષ છે? શું આ માત્ર ફોર્મેલિટી બની રહેશે? સાચા જવાબદાર સામે આવશે કે મામલો દબાઈ જશે? હવે નજર છે કે મહાપાલિકા કમિશનર આ વધતા સવાલો વચ્ચે શું નિર્ણય લે છે.

## ડેપ્યુટી કમિશનર હર્ષદ પટેલ અને ઈન્ચાર્જ સહાયક કાથરોટિયા BAPSના હરિભક્ત : એટલે પ્રેમવતી રેસ્ટોરન્ટ પર પ્રેમ વરસાવ્યો

BAPS ની સંસ્થા પ્રેમવતી રેસ્ટોરન્ટમાંથી આ વખતે તો ૨૦ લાખનું બિલ બન્યું હતું અગાઉ કેટલી વાર મંગાવવામાં આવ્યું તે કોઈને ખ્યાલ નહીં હોય કારણ કે ડેપ્યુટી કમિશનર હર્ષદ પટેલ અને ભરત કાથરોટિયા સ્વામિનારાયણના પ્રખર સત્સંગી છે અને તેઓ મંદિરના હરિભક્ત પણ છે તે ઉપરાંત બન્ને અધિકારીઓના DP માં સ્વામીનારાયણ ભગવાનના ફોટા પણ છે એટલે જ કદાચ પ્રેમવતી રેસ્ટોરન્ટમાંથી દર વખતે રોકડામાં જમવાનું મંગાવવામાં આવી રહ્યું છે.કોઈ પણ લોકો કોઈ પણ ધર્મ પાડી શકે અમને કોઈ વાંધો નથી પણ દર વખતે premvti જ કેમ અન્ય સંસ્થાઓ પણ શુદ્ધ અને સસ્તું jamanu મળી શકે?

### રાજકોટ મનપામાં ટેન્ડર ગોટાળો ? TECથી કમિશનર સુધી આખી ચેઈન સવાલોમાં !

# પૂર્વ ચેરમેન પુષ્કર પટેલે પાસ કરેલું ટેન્ડર ત્યારે કેમ ના અટકાવ્યું ?

## કમિશનર ગમે તે ટેન્ડર મોકલે તેનો અભ્યાસ તો અંતે સ્ટેન્ડિંગ કમિટીએ જ કરવાનો હોય છે !





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિકાસ વિભાગમાં ૨૦૨૩ દરમિયાન બહાર પાડવામાં આવેલા ટેન્ડર પ્રક્રિયા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. નિયમ મુજબ ટેન્ડરમાં ટેક્નિકલ ક્વોલિફિકેશન અને પ્રાઈઝલિસ્ટના આધારે એજન્સીની પસંદગી થવાની હોય છે, પરંતુ સમગ્ર પ્રક્રિયામાં થયેલી સંભવિત ક્ષતિઓ હવે ચર્ચાનો વિષય બની છે.માહિતી મુજબ, ઉપસ્થિત થયેલ ભાવોમાં ક્ષતિ હોવા છતાં તે ધ્યાનમાં લેવામાં આવી ન હોવાના આક્ષેપો સામે આવ્યા છે. નિયમ પ્રમાણે આ બાબતની જવાબદારી સૌથી પહેલાં કમિશનર બ્રાન્ચ પર આવે છે.આશ્ચર્યજનક રીતે, ટેન્ડર ઈવેલ્યુએશન કમિટી (TEC) જે તમામ ટેન્ડરોનું મૂલ્યાંકન કરે છે, તે તરફથી પણ કોઈ સુધારા કે વાંધો નોંધાયો નથી. જેના કારણે TECની કામગીરી પર પણ ગંભીર પ્રશ્નાર્થ ઊભો થયો છે.

## સમજો કેવી રીતે ચાલે છે ટેન્ડર પ્રક્રિયા ?

### કેવી રીતે ચાલે છે ટેન્ડર પ્રક્રિયા?

સામાન્ય રીતે ટેન્ડર પ્રક્રિયામાં પ્રથમ ટેક્નિકલ બિડ ખોલવામાં આવે છે, જેમાં એજન્સીની લાયકાત ચકાસવામાં આવે છે. ક્વોલિફાય થયેલી એજન્સીઓની પ્રાઈઝ બિડ બાદમાં ખોલવામાં આવે છે અને તેમાં સૌથી ઓછો ભાવ (L૧) આપનાર એજન્સીને ટેન્ડર ફાળવવામાં આવે છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ શાખા અધિકારી દરખાસ્ત તૈયાર કરી સહાયક કમિશનર, ત્યારબાદ નાયબ કમિશનર અને અંતે કમિશનર બ્રાન્ચ સુધી મંજૂરી માટે મોકલે છે. કમિશનર બ્રાન્ચ દ્વારા સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત મૂકવામાં આવે છે, જ્યાં અંતિમ ઠરાવ પસાર થાય છે.

### ક્યાં ઉઠ્યા સવાલો?

ભૂતકાળમાં આવી દરખાસ્તો અટકાવવામાં આવી હતી ભૂતકાળમાં BI પાઈપલાઈન જેવા કેસોમાં ગેરવાજબી ભાવો સામે આવતા સ્ટેન્ડિંગ કમિટીએ દરખાસ્તોને નામંજૂર કે હોલ્ડ પર મૂક્યા હતા. છતાં આ કેસમાં તેવી કાર્યવાહી કેમ ન થઈ તે મુદ્દે ચર્ચા તેજ બની છે.

### ચૂકવણી પ્રક્રિયા પણ ચર્ચામાં

ઈવેન્ટ પૂર્ણ થયા બાદ એજન્સીઓ દ્વારા બિલ રજૂ કરવામાં આવે છે અને મંજૂરી બાદ ચુકવણી કરવામાં આવે છે. પરંતુ જો મૂળ ટેન્ડર પ્રક્રિયામાં જ ખામી રહી હોય, તો આવી ચુકવણી પર પણ સવાલો ઊભા થાય છે.

### મુખ્ય પ્રશ્નો

શું ટેન્ડર પ્રક્રિયામાં ગેરરીતિ થઈ? TEC અને કમિશનર બ્રાન્ચે ભૂમિકા યોગ્ય રીતે નિભાવી? જવાબદારી નક્કી થશે કે નહીં? હાલ આ સમગ્ર મામલે સ્પષ્ટતા અને જવાબદારી નક્કી કરવાની માંગ ઉઠી રહી છે.

### જંગલેશ્વર ડિમોલિશન ખર્ચના વિવાદ બાદ સ્ટેન્ડિંગનો મોટો નિર્ણય

# જંગલેશ્વર ઈફેક્ટઃ બધા રેટ કોન્ટ્રાક્ટનો રી-સર્વે !

» જૂના કોન્ટ્રાક્ટ પર કાતર હવે નીચા ભાવે નવી પાર્ટીઓને આમંત્રણ અપાશે

» ડિમોલિશન દરમિયાન થયેલા 27 લાખના વિવાદિત ખર્ચની દરખાસ્ત નામંજૂર



તસવીરઃ અક્ષય ગોંડલિયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટનાં જંગલેશ્વર ડિમોલિશન દરમિયાન આડેધડ ખર્ચાઓ કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. આ અંગે પાણીનાં બિલો જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં રૂ. ૩માં મળતી પાણીની બોટલોની મનપા દ્વારા રૂ. ૮નાં ભાવે ખરીદી થઈ હોવાનો પર્દાફાશ થયો હતો. આ ખર્ચ રેઈટ કોન્ટ્રાકટ અંતર્ગત કરાયો હોય સવાલ ઉઠાવ્યા હતા. જેને લઈ આજની સ્ટેન્ડિંગની બેઠકમાં મેયર દ્વારા રેઈટ કોન્ટ્રાકટ અંગે અરજન્ટ દરખાસ્ત કરવામાં આવી હતી. જેમાં આ તમામ કોન્ટ્રાકટનો રિવ્યુ કરવાનો નિર્ણય લેવાયો છે. જે અંતર્ગત ચાલુ રેઈટ કોન્ટ્રાકટમાં જો કોઈ પાર્ટી નીચા ભાવે કામ કરવા ઈચ્છશે તો જૂનો કોન્ટ્રાકટ રદ્દ કરી નવી પાર્ટી સાથે રેઈટ કોન્ટ્રાકટ કરવામાં આવશે. મનપાનાં નિયમ મુજબ નવો રેઈટ કોન્ટ્રાકટ થાય નહીં ત્યાં સુધી જૂની પાર્ટી જુના કોન્ટ્રકટ મુજબ વસ્તુ આપે છે. આ કારણે પણ મનપાને વધુ ખર્ચ થતો હોવાનું સામે આવ્યું છે. જાહેર કરેલા બિલોમાં પણ જૂની પાર્ટીનો કોન્ટ્રાકટ પૂરો થયો હોવા છતાં તેણે પાણી સપ્લાય કર્યું હોવાનું ખુલ્યું હતું. આવા કિસ્સા માટે પણ જે કોઈ રેઈટ કોન્ટ્રાકટ પુરા થયા છે તેના તાત્કાલિક નવા ટેન્ડર કરવાનો આદેશ પણ આજે પદાધિકારીઓ દ્વારા આપવામાં આવ્યો છે. આમ દિવ્યભાસ્કર દ્વારા પાણીના બિલો અને રેઈટ કોન્ટ્રાકટની ગોલમાલ જાહેર કરવામાં આવતા પદાધિકારીઓ દ્વારા આ અતિ મહત્વના નિર્ણયો કરવામાં આવ્યા છે.

સ્ટે. ચેરમેન પરેશ પીપળીયાનાં જણાવ્યા મુજબ આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં મુખ્ય ત્રણ જ દરખાસ્ત હતી. જેમાં જંગલેશ્વર ડિમોલિશન દરમિયાન થયેલા રૂ. ૨૭ લાખના ખર્ચની દરખાસ્ત માટે ટેન્ડરની નિયત પ્રક્રિયા કરવામાં આવી નહીં હોવાનું સામે આવતા આ ખર્ચ નામંજૂર કરવામાં આવ્યો છે.

## જે રેટ કોન્ટ્રાક્ટ ચાલુ છે તેની પુન સમીક્ષા કરાશેઃ નેહલ શુકલ



મેયર ડો. નેહલ શુક્લએ આ મામલે જણાવ્યું હતું કે, રેટ કોન્ટ્રાક્ટની સમીક્ષા, પુન સમીક્ષા અને તેને રદ કરવા બાબતે મેં સ્ટેન્ડિંગ કમિટીના સભ્યો અને ચેરમેનને એક અનુરોધ કર્યો હતો કે આની પુન સમીક્ષા થવી જોઈએ. જે અન્વયે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા એવો ઠરાવ કરવામાં આવી રહ્યો છે, જેની માહિતી હાલ મને ચેરમેન દ્વારા આપવામાં આવી છે કે હાલ જે કોઈ પણ રેટ કોન્ટ્રાક્ટ અસ્તિત્વમાં છે તે બધા જ રેટ કોન્ટ્રાક્ટની પુન સમીક્ષા કરવામાં આવશે. આ સમીક્ષા કર્યા બાદ જેમાં જરૂર જણાય તે તમામમાં રેટ કોન્ટ્રાક્ટ રદ કરીને રીટેન્ડરની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. વધુમાં ડો. નેહલ શુક્લએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી આ પ્રક્રિયા પૂર્ણ ન થાય અને રેટ કોન્ટ્રાક્ટ વિધમાન હોય, ત્યાં સુધી કોર્પોરેશનની જે તે શાખા દ્વારા તુરંત જ એક સ્પેશિયલ ટેન્ડર પ્રકાશિત કરવામાં આવશે. આ નિર્ધારિત ભાવે જે કોઈ પણ પાર્ટી કે વેન્ડર કોર્પોરેશનને સર્વિસ ઉપલબ્ધ કરાવવા માંગતા હશે અને અરજી કરશે, તે તમામની અરજી સ્વીકારીને તેમને એકનોલેજ કરી એમપેનલ કરવામાં આવશે. આ એમપેનલમેન્ટ થયા બાદ ઉપલબ્ધ ભાવોમાંથી યોગ્ય પસંદગીના આધારે જ સર્વિસ લેવામાં આવશે. આ સાથે જ તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, નાના-મોટા કોઈપણ ભાવમાં જો એવું લાગશે કે અહીં વધારે ચૂકવણું થઈ ગયું છે, તો તેમાં કોઈ પણ કાયદાકીય પ્રક્રિયાનો વિચાર કર્યા વિના અમે આ ટેન્ડરને રીટેન્ડર કરવાના છીએ.



















## સિટી ન્યૂઝ ઈમ્પેક્ટ : 26 દિવસની લડત પછી દિકરીઓના ચહેરા ઉપર સ્મિત

# આભાર

# ધોળકિયા સ્કૂલ...

## અંતે દિકરીઓને RTE હેઠળ મળ્યું એડમિશન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં શિક્ષણના હક્ક માટે ચાલી રહેલી એક મહત્વપૂર્ણ લડતનો આજે સુખદ અંત આવ્યો છે. ધોળકિયા સ્કૂલમાં RTE હેઠળ પ્રવેશ ન મળતા ૨૬ દિવસથી સંઘર્ષ કરી રહેલી ગરીબ પરિવારોની દિકરીઓને અંતે આજે એડમિશન આપવામાં આવ્યું, જેના કારણે બાળકો અને તેમના વાલીઓના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી.

એડમિશન મળ્યા બાદ વાલીઓએ સિટી ન્યૂઝ ટીમનો આભાર વ્યક્ત કર્યો, પરંતુ ટીમે સ્પષ્ટ કહ્યું કે... “આભાર અમારો નહીં, ધોળકિયા સ્કૂલનો માનવો જોઈએ, જેમણે આ વિવાદ વચ્ચે માનવતા દાખવી દિકરીઓને સ્વીકારી.” આ સમગ્ર મામલો ત્યારે શરૂ થયો જ્યારે RTE હેઠળ એડમિશન મળવું જોઈએ તેવી દિકરીઓને પ્રવેશ આપવામાં આવતો ન હતો. વાલીઓએ સિટી ન્યૂઝ ઓફિસનો સંપર્ક કરી પોતાના પુરાવા રજૂ કર્યા બાદ આ મુદ્દે અભિયાન શરૂ કરાયું. સ્પષ્ટ એલાન કરવામાં આવ્યું કે...“જ્યાં સુધી દિકરીઓને ન્યાય નહીં મળે, ત્યાં સુધી લડત ચાલુ રહેશે.”

સિટી ન્યૂઝ ટીમે પણ સ્પષ્ટતા કરી કે તેમનો વિરોધ કોઈ ચોક્કસ સ્કૂલ સામે નહીં, પરંતુ ગેરવ્યવસ્થિત સિસ્ટમ સામે હતો. આ લડતનો એકમાત્ર ઉદ્દેશ ગરીબ અને વંચિત દિકરીઓને તેમના અધિકાર મુજબ શિક્ષણ અપાવવાનો હતો. આ મામલે જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) દ્વારા પણ કડક કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હતી. સરકારે નક્કી કરેલા RTE પ્રવેશમાં કોઈ પણ સ્કૂલ ઇન્કાર કરી શકે નહીં. આ નિયમને ફરી એકવાર મજબૂત બનાવવામાં આવ્યો છે.

આજે ૨૬ દિવસ બાદ જ્યારે દિકરીઓને સ્કૂલમાં પ્રવેશ મળ્યો, ત્યારે તે માત્ર એડમિશન નહીં, પરંતુ ન્યાયની જીત તરીકે જોવામાં આવી રહી છે. સિટી ન્યૂઝ ટીમ માટે આ ક્ષણ સંતોષભરી રહી, કારણ કે આ સમગ્ર અભિયાનનો હેતુ માત્ર એક હતો. ટીમે અંતમાં ધોળકિયા સ્કૂલનો આભાર માનતા જણાવ્યું કે... “આજે તમે માનવતા દાખવી છે, આવનારા સમયમાં સારા કાર્ય માટે પણ અમને યાદ કરજો, અમે પોઝિટીવ સમાચાર પણ જરૂર બતાવીશું.” આ ઘટના એ બતાવે છે કે જો સત્ય માટે અવાજ ઉઠાવવામાં આવે અને સતત પ્રયત્ન કરવામાં આવે, તો અંતે ન્યાય મળી રહે છે. રાજકોટની આ દિકરીઓ માટે આજે માત્ર સ્કૂલનો દરવાજો જ નહીં, પણ ભવિષ્યના નવા રસ્તાઓ ખુલ્યા છે.

IMPACT

## સિટી ન્યૂઝની લડત કોઈ સ્કૂલ સામે ન્હોતી, સિસ્ટમ અને દિકરીઓના ભવિષ્ય માટે હતી

**ખૂંટ કેસમાં રાહત; પણ પોપટ સોરઠિયા હત્યા કેસે અટકાવ્યો રસ્તો**

# જેલ કે બેલ અનિરૂધ્ધસિંહ જાડેજાનું ભવિષ્ય હવે સરકારી કમિટીના નિર્ણય પર !

## અમિત ખૂંટ કેસમાં રીબડાના અનિરૂધ્ધસિંહને હાઈકોર્ટે જામીન આપ્યા



**સિટી ન્યૂઝ@રાજકોટ**

અમિત ખૂંટ આત્મહત્યા કેસમાં આરોપી અનિરુદ્ધસિંહ જાડેજા (રીબડા) ને ગુજરાત હાઈકોર્ટે મોટી રાહત આપતા રેગ્યુલર જામીન મંજૂર કર્યા છે. જો કે, ગોંડલના પૂર્વ ધારાસભ્ય પોપટ લાખા સોરઠિયાની હત્યા કેસમાં તેઓ આજીવન કેદની સજા ભોગવતા હોવાથી હાલ તેમને જેલના સળિયા પાછળ જ રહેવું પડશે. જામીન મળવા છતાં અનિરુદ્ધસિંહ જાડેજાને 'જેલ કે બેલ' મળશે, તેનું અંતિમ ભવિષ્ય હવે માત્ર સરકારી કમિટીના નિર્ણય પર જ નિર્ભર છે.

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકા પોલીસ મથકે મે ૨૦૨૫ માં અમિત ખૂંટના ભાઈ મનીષ ખૂંટે રાજદીપસિંહ, અનિરુદ્ધસિંહ અને અન્ય ૨ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં ૧૦ મહિનાથી જેલમાં રહેલા અનિરુદ્ધસિંહને જામીન તો મળી ગયા, પરંતુ અગાઉ જૂનાગઢ અને હાલ અમદાવાદની સાબરમતી જેલમાં બંધ અનિરુદ્ધસિંહનો જેલવાસ યથાવત્ રહેશે.

પોપટ સોરઠિયા હત્યા કેસનો ઈતિહાસ ઘણો લાંબો અને ચકચારી છે. ૧૫ ઓગસ્ટ ૧૯૮૮ ના રોજ ગોંડલની સંગ્રામસિંહજી હાઈસ્કૂલમાં અનિરુદ્ધસિંહે ફાયરિંગ કરી પોપટ સોરઠિયાની હત્યા કરી હતી. ૧૯૯૪ માં ગોંડલ સેશન્સ કોર્ટે તેમને પુરાવાના અભાવે છોડી મૂક્યા હતા. પરંતુ સરકારે ટાડા (TADA) એક્ટ હેઠળ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરતા, ૧૦ જુલાઈ ૧૯૯૭ ના રોજ સુપ્રીમ કોર્ટે તેમને આજીવન કેદની સજા ફટકારી હતી. સજા પડ્યા બાદ ૩ વર્ષ ફરાર રહેલા અનિરુદ્ધસિંહની ૨૦૦૦ ની સાલમાં ધરપકડ થઈ હતી.

વર્ષ ૨૦૧૮ માં અનિરુદ્ધસિંહના પુત્રએ તત્કાલીન જેલ આઈજી ટી.એસ બિષ્ટને પત્ર લખી સજા માફીની વિનંતી કરી હતી, જેને ગ્રાહ્ય રાખી તેમને મુક્ત કરાયા હતા. આ માફી સામે પોપટ સોરઠિયાના પુત્રએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી અને હાઈકોર્ટે સજા માફી રદ કરી દીધી. આ હુકમને સુપ્રીમ કોર્ટે પણ યથાવત્ રાખતા અનિરુદ્ધસિંહે ૧૯ સપ્ટેમ્બરે ગોંડલ કોર્ટમાં સરેન્ડર કરવું પડ્યું અને તેમને જૂનાગઢ જેલમાં મોકલાયા હતા. જ્યારે તેઓ જૂનાગઢ જેલમાં હતા, ત્યારે જ અમિત ખૂંટ આપઘાત કેસમાં ગોંડલ તાલુકા પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે તેમનો કબજો મેળવ્યો હતો. ૨૦ સપ્ટેમ્બરે કોર્ટમાં રજૂ કરી ૨ દિવસના રિમાન્ડ લેવાયા અને ૨૨ સપ્ટેમ્બરે રિમાન્ડ પૂરા થતા ફરી જેલહવાલે કરાયા હતા.

**10 મહિનાથી જેલમાં પહેલા જૂનાગઢ જેલ બાદ હાલ અમદાવાદ સાબરમતી જેલમાં**

હવે અમિત ખૂંટ કેસમાં જામીન મળવા એ કાનૂની રાહત જરૂર છે, પરંતુ હત્યા કેસની આજીવન કેદના કારણે જેલનો રસ્તો અટક્યો છે. આગામી સમયમાં સજા માફી માટે બેસનારી સરકારી કમિટી શું નિર્ણય લે છે, તેના પર જ અનિરુદ્ધસિંહની આખરી મુક્તિનો ફેંસલો નક્કી થશે.

ઝેર જેવું પનીર આરોગ્ય વિભાગનો દરોડો

# રાજકોટમાં ગંદકીમાં બનતું પનીરનું ગોડાઉન ઝડપાયું !

## 500 કિલ્લો પનીરનો જથ્થો સીઝ

### મોરબી રોડ પર ફૂડ લાયસન્સ વગર બજારમાં હજારો કિલ્લો પનીર વેંચાઈ પણ ગયું







**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં ખાદ્ય સુરક્ષાને લઈને એક અત્યંત ચોંકાવનારી અને ચિંતાજનક ઘટના સામે આવી છે, જેણે ખાણીપીણીના શોખીન ગણાતા રાજકોટીયન્સની ઊંઘ હરામ કરી દીધી છે. લગ્નપ્રસંગ હોય, હોટલનું પંજાબી જમવાનું હોય કે પછી ઘરની રોજિંદી રસોઈ, પનીરનો ઉપયોગ બહોળા પ્રમાણમાં થાય છે. ત્યારે લોકોના સ્વાસ્થ્ય સાથે સીધા જોડાયેલા આ ખાદ્યપદાર્થને લઈને આ મોટો ખુલાસો થયો છે. શહેરના મોરબી રોડ પર આવેલા એક વિસ્તારમાં કોઈ પણ જાતના ફૂડ લાયસન્સ વગર ગેરકાયદેસર રીતે પનીરનું ઉત્પાદન થતું હોવાની બાતમી આરોગ્ય વિભાગને મળી હતી. આ ગુપ્ત માહિતીના આધારે ફૂડ શાખાની ટીમે ગોડાઉન પર અચાનક દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન જે દ્રશ્યો સામે આવ્યા તે જોઈને અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. અત્યંત ગંદકીથી ભરેલી, દુર્ગંધ મારતી અને અસ્વચ્છ





પરિસ્થિતિમાં, લોકોના જીવના જોખમે પનીર બનાવવાનો કાળો કારોબાર ધમધમી રહ્યો હતો. પ્રાથમિક તપાસમાં જ અનેક ગંભીર ગેરરીતિઓ અને સ્વાસ્થ્ય સાથે ચેડાં થતા હોવાનું બહાર આવ્યું છે.

દરોડા દરમિયાન અધિકારીઓએ જોયું કે જ્યાં પનીર બનાવાતું હતું તે સ્થળ સ્વચ્છતાના મૂળભૂત ધોરણો સુધી પણ પહોંચતું નહોતું ત્યાં  દીવાલો પર ગંદકી અને ભેજના ડાઘ, છત તૂટેલી અને જોખમી હાલતમાં, આસપાસ કચરાનો ઢગલો અને ફ્રીઝર અને મશીનો ગંદા અને બિનસ્વચ્છ હતી. આ પરિસ્થિતિમાં બનાવાતું પનીર સીધું લોકોના આરોગ્ય માટે જોખમકારક હોવાનું સ્પષ્ટ થયું. પરિસ્થિતિની ગંભીરતા સમજી આરોગ્ય વિભાગે તાત્કાલિક પગલાં લીધા અને તાત્કાલિકના ધોરણે સમગ્ર યુનિટને સીલ કરવામાં આવી છે સાથે ખાદ્ય નમૂનાઓ તપાસ માટે લેબમાં મોકલાયા અને માલિક સામે કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે આવી બેદરકારી સહન નહીં કરવામાં આવે.

**અંતે આરોગ્યની ટીમે ગોડાઉન સીલ કર્યું**

## લોકોના આરોગ્ય સાથે ચેડાં

આ બનાવે શહેરમાં ખાદ્ય સુરક્ષાને લઈને મોટા સવાલો ઊભા કર્યા છે. રોજિંદા ઉપયોગમાં આવતું પનીર જો આવી ગંદી પરિસ્થિતિમાં બનતું હોય, તો તે લોકોના આરોગ્ય માટે ગંભીર ખતરો બની શકે છે. સ્થાનિક લોકોમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઘણા લોકોનો સવાલ છે કે...

- આવી ગેરકાયદેસર યુનિટ્સ કેટલા સમયથી ચાલી રહી હતી?
- શું નિયમિત ચેકિંગ થતું હતું કે નહીં?

આ ઘટના માત્ર એક યુનિટ સુધી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર મોનિટરિંગ સિસ્ટમ પર પ્રશ્નાર્થ ઊભો કરે છે. જો સમયસર તપાસ થતી, તો કદાચ આ ગેરરીતિઓ પહેલા જ બહાર આવી શકી હોત. આરોગ્ય વિભાગે હવે શહેરમાં અન્ય ફૂડ યુનિટ્સ પર પણ કડક નજર રાખવાની જાહેરાત કરી છે. આવનારા દિવસોમાં વધુ દરોડાઓની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## વોર્ડ નં. 3 ની કૃષ્ણનગર સોસાયટીમાં રસ્તાની બિસ્માર હાલત

# રાજકોટમાં 1 વર્ષથી રોડ ખોદીને ભૂલી ગયું તંત્ર











## ચોમાસામાં કાદવ કીચડ અને પાણી ભરાવાના ખતરાથી લોકો પરેશાન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે રાજકોટના વોર્ડ નંબર ૩ માં વિકાસના કામોની પોલ ખૂલી ગઈ છે. કૃષ્ણનગર સોસાયટી, વોરા સોસાયટી અને પ્રાસર પાર્ક વિસ્તારમાં છેલ્લા ૧ વર્ષથી રોડ ખોદીને રઝળતા મૂકી દેવામાં આવ્યા છે. તંત્ર માત્ર ખોદકામ કરીને ભૂલી ગયું હોય તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે અને નવો રોડ ના બનતા સ્થાનિક પ્રજા ભારે હાલાકી ભોગવી રહી છે. સોસાયટીની આસપાસની તમામ શેરીઓની હાલત અત્યંત બિસ્માર જોવા મળી રહી છે.

સ્થાનિકોની રજૂઆત મુજબ કૃષ્ણનગર શેરી નંબર ૧ અને તેની આસપાસની તમામ ગલીઓ લાંબા સમયથી એમ જ ખોદેલી પડી છે. રસ્તાઓ પર ઊડતી ધૂળ અને ગંદકીના કારણે સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ ફેલાયેલી રહે છે. લોકો છેલ્લા ૧ વર્ષથી માત્ર રોડ બનવાની કાગડોળે રાહ જોઈ રહ્યા છે, પરંતુ નઘરોળ તંત્રના પેટનું પાણી હલતું નથી. સ્થાનિકો વારંવાર રજૂઆત કરી થાક્યા છે છતાં કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી.

હવે જ્યારે ચોમાસાની સીઝન શરૂ થઈ ગઈ છે ત્યારે લોકોની મુશ્કેલીમાં અનેકગણો વધારો થયો છે. વરસાદ પડતાની સાથે જ આ ખોદેલા રસ્તાઓ પર ભયંકર કાદવ અને કીચડનું સામ્રાજ્ય છવાઈ જાય છે. ખાડાઓમાં પાણી ભરાવાના કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનો સીધો ખતરો તોળાઈ રહ્યો છે. ઉપરાંત ગંદકી અને ભરાયેલા પાણીના કારણે મચ્છરજન્ય રોગચાળો ફેલાવાની પણ પૂરી દહેશત સેવાઈ રહી છે. સ્થાનિક રહીશો તંત્ર પાસે ઉગ્ર માંગ કરી રહ્યા છે કે વહેલામાં વહેલી તકે આ ગોકળગાયની ગતિએ ચાલતું કામ પૂર્ણ કરી પાકા રોડ બનાવવામાં આવે.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
તમારો વૉર્ડ તમારો હક

## પોલીસ તપાસમાં સનસનાટીપૂર્ણ તથ્યો પ્રકાશમાં આવતા ખળભળાટ

# નાગેશ્વર મંદિરનાં ટ્રસ્ટીએ જમીન ખરીદવા ડમી જમીન માલિક ઉભો કરી બોગસ દસ્તાવેજો કર્યા !

- જામનગરનાં શખ્સને બરડીયાની જમીનનો ડમી માલિક બનાવી બોગસ આધારકાર્ડ બનાવાયું
- પોલીસ જાગે તો જામનગરમાં નકલી આધાર કાર્ડ બનાવવાનુ કૌભાંડ પણ ઝડપાઇ શકે!

**સિટી ન્યૂઝ@દ્વારકા**

નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિરનાં ટ્રસ્ટીઓનાં એક પછી એક વિવાદ પ્રકાશમાં આવતા રહે છે. ચેતન માલદેભાઇ ગોહેલ નામનાં ટ્રસ્ટી વિરુદ્ધ બરડીયા ગામે આવેલ જમીન બોગસ દસ્તાવેજો કરી ખરીદી કરી પછી વેચી નાખવાનું કૌભાંડ કરવાનો આરોપ છે તથા કાનૂની જંગ ચાલી રહ્યો છે. દરમ્યાન પોલીસ તપાસમાં સનસનાટીપૂર્ણ તથ્યો પ્રકાશમાં આવ્યા છે.દ્વારકામાં બેટરી અને ટાયરની દુકાન ચલાવતો ચેતન ગોહેલ નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિરમાં ટ્રસ્ટી છે. તેણે બરડીયા ગામે એક જમીન લેવાની તજવીજ કરી હતી.જે જમીનનાં અડધો ભાગ તલાટી મંત્રી મુકેશભાઇ રાવલનાં પત્ની હર્ષિદાબેન માર્કંડરાય પંચોલીનો તથા અડધો ભાગ રણછોડદાસ વિઠ્ઠલદાસ નામની વ્યક્તિનો હતો.બરડીયા ગામનાં પૂર્વ સરપંચ વરપાભાઇએ ચેતન ગોહેલને તલાટી મંત્રી મુકેશભાઇ રાવલ સાથે વેચાણનું ગોઠવી આપવાનુ જણાવેલ. તથા વરપાભાઇનાં દિકરા અશોકે અન્ય જમીન માલિક રણછોડદાસ વિઠ્ઠલદાસની જમીન ડમી માલિક ઉભો કરી બોગસ આધારકાર્ડ વગેરે બનાવી વેચાણ કરી આપવાનો તખ્તો ગોઠવ્યો હતો.આ પ્રકરણમાં અશોકે ચેતન ગોહેલ ને જામનગરમાં કિશોરગર હેમગર ગોસાઇ ઉર્ફે 'છોટુ મહારાજ' નો સંપર્ક કરાવ્યો હતો.છોટુ મહારાજે જયેન્દ્ર વાઘેલા નામનાં શખ્સ મારફત મૂળ જમીન માલિક રણછોડદાસ વિઠ્ઠલદાસની ઉંમરનાં જ જયેન્દ્ર શેઠ નામનાં માણસને શોધી કાઢી તેને ડમી માલિક બનાવી બોગસ આધાર કાર્ડ બનાવી આનુષંગિક પ્રક્રિયાઓ કરી તેનાં ઉપયોગ વડે દસ્તાવેજ તૈયાર કરાવ્યો હતો.ચેતન ગોહેલે હર્ષિદાબેનવાળા દસ્તાવેજમાં જમીનની કિંમત ૧ લાખ ૪૦ હજાર જ્યારે રણછોડદાસ વિઠ્ઠલદાસ વાળા બોગસ દસ્તાવેજમાં જમીનની કિંમત ૧ લાખ ૫૦ હજાર દર્શાવી હતી. જ્યારે હકીકતમાં બંને જમીન ખરીદવા કુલ ૫ કરોડ જેટલી કિંમત ચૂકવવામાં આવી હોવાની ચેતન દ્વારા કબૂલાત કરવામાં આવી છે.જે પૈકી રણછોડદાસ વિઠ્ઠલદાસ વાળી જમીન પેટે અશોકને રૂ. ૧ કરોડ ૯૦ લાખ ચૂકવાઇ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ડમી જમીન માલિક ઉભો કરી બોગસ દસ્તાવેજનાં ઉપયોગ કરી કરોડોની જમીન ખરીદવા નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિરનાં ટ્રસ્ટી ચેતન પાસે પૈસા ખૂટતાં તેણે નાગેશ્વર મંદિરનાં પૂજારી મહેન્દ્રભારથી ગોસ્વામી પાસેથી ૪૦ લાખ ઉછીનાં લીધા હતાં. આમ એક રીતે મંદિરનાં પૈસાનો ગેરકાનૂની કૃત્ય માં ઉપયોગ થયાનું પ્રાથમિક ચિત્ર ઉપસ્યું છે.જે પછી ચેતન ગોહેલે આ જમીન ખંભાળીયાનાં કાળુભાઇ ભીખાભાઇ પીંડારીયા નામનાં શખ્સને કુલ ૫ કરોડ ૮૦ લાખમાં વેચી નાંખી હતી અને ૮૦ લાખનો નફો મેળવ્યો હતો.આ અંગે જાણ થતા મૂળ જમીન માલિક રણછોડદાસ વિઠ્ઠલદાસનાં વારસદારોએ વાંધા અરજી દાખલ કરેલ જે મદદનીશ કલેક્ટરે ગ્રાહ્ય ન રાખતા તેઓએ દ્વારકા સિવિલ કોર્ટમાં દાવો કરેલ છે. જે કાનૂની લડાઇ હાલ ચાલી રહી છે. આ દરમ્યાન ચેતન ગોહેલે ડમી જમીન માલિક જયેન્દ્ર શેઠને રણછોડદાસ વિઠ્ઠલદાસ તરીકે હાઇકોર્ટમાં પણ રજૂ કરી અરજી કરાવી કાનૂની પ્રક્રિયાઓમાં પણ કૌભાંડ કર્યુ હોવાનું પ્રકાશમાં આવ્યુ છે. નાગેશ્વર જ્યોતિર્લિંગનાં ટ્રસ્ટી ચેતને કૌભાંડ કરી ખરીદેલી જમીનનાં વેચાણમાં થી થયેલ નફામાંથી નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિરનાં પૂજારી મહેન્દ્રભારથી ગોસ્વામીને ૪૦ લાખ ચૂકવી ઉધારી પૂર્ણ કરી હતી. આમ સમગ્ર પ્રકરણમાં નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિરનાં ટ્રસ્ટી - પૂજારીની સંડોવણીથી મંદિરનાં સંચાલકોની છબી વધુ ખરડાઇ છે.



## છોટુ મારાજ કોણ છે? પકડાવો જરૂરી




### જામનગરમાં ડમી માણસ ઉભો કરી બોગસ આધારકાર્ડ બનાવાયું : આ નેટવર્ક વિરુદ્ધ ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવી જોઇએ

સમગ્ર પ્રકરણમાં ડમી જમીન માલિક ઉભો કરવાની અને બોગસ દસ્તાવેજો બનાવાની કામગીરી જામનગરમાં કરવામાં આવી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જેમાં જયેન્દ્ર વાઘેલા નામનાં શખ્સ મારફત મળી આવેલ જયેન્દ્ર શેઠ નામની વ્યક્તિ રણછોડદાસ વિઠ્ઠલદાસ જોશી તરીકે ડમી જમીન માલિક બને છે તથા કિશોરગર હેમગર ગોસાઇ ઉર્ફે 'છોટુ મારાજ' તેનાં બોગસ દસ્તાવેજો બનાવવાનો તખ્તો ગોઠવે છે.જયેન્દ્ર વાઘેલા, જયેન્દ્ર શેઠ અને 'છોટુ મારાજ' આ ત્રણેય વ્યક્તિને આ પ્રકરણમાં રૂ. ૧-૧ લાખ ચૂકવવામાં આવ્યા હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું છે. આ મુદ્દે જામનગર પોલીસે તપાસનાં ચક્રો ગતિમાન કરવાની જરૂર છે. જામનગરમાં નકલી આધારકાર્ડ બનાવવાનું કૌભાંડ ઝડપાઇ શકે અને કદાચ એ રાજ્યવ્યાપી પણ હોઇ શકે.આમ સંગઠિત ગુન્હાખોરી કરતા આ શખ્સો વિરુદ્ધ ગુજસીટોક અંતર્ગત કાર્યવાહી કરવી જોઇએ એવી પણ માંગ ઉઠી છે.

## આજથી નવા નિયમો લાગુ : જૂલાઈના 6 મોટા ફેરફાર

# ગેસ સસ્તો, પાસપોર્ટ-કાર મોંઘી...




### નાયરાએ પેટ્રોલના ભાવ રૂ.5, ડીઝલના 3 ઘટાડ્યા

### ટ્રેનમાં ટિકિટ વિના મુસાફરી કરી તો બમણો દંડ ચૂકવવો પડશે

### કોમર્શિયલ સિલિન્ડર 180 રૂપિયા સસ્તો થયો

### ડીઝલના વેંચાણ પરની મર્યાદા આજથી હટાવી લેવાઈ

### કારની કિંમતોમાં ૨% સુધીનો ભાવ વધારો

### પાસપોર્ટ બનાવવો મોંઘો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

૧ જુલાઈથી દેશભરમાં અનેક મહત્વપૂર્ણ નિયમોમાં ફેરફાર અમલમાં આવ્યા છે, જેની સીધી અસર સામાન્ય નાગરિકોથી લઈને વેપારીઓ, ઉદ્યોગકારો અને વાહનચાલકો સુધી જોવા મળશે. આ ફેરફારો રોજિંદા જીવન પર સીધી અસર પાડશે. કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં સરેરાશ ૧૮૦નો ઘટાડો કરવામાં આવ્યો છે, જ્યારે પાસપોર્ટ બનાવવાની ફી, નવી કારની કિંમતો અને ટ્રેનમાં ટિકિટ વગર મુસાફરી કરવા બદલ વસૂલાતો દંડ વધારી દેવામાં આવ્યો છે.

બીજી તરફ, આધાર કાર્ડમાં ઈ-મેલ અપડેટ કરવાની સેવા હવે મફત કરવામાં આવી છે, જેનાથી લાખો નાગરિકોને રાહત મળશે.

કોમર્શિયલ ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમતમાં સરેરાશ ૧૮૦નો ઘટાડો થતાં દિલ્હીમાં તેની નવી કિંમત ૨,૯૩૦ થઈ છે. આ ઘટાડાથી હોટેલ, રેસ્ટોરન્ટ અને કેટરિંગ વ્યવસાયને સીધી રાહત મળશે. ઘરેલુ ૧૪.૨ કિલોના ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. બીજી તરફ, નાયરા એનર્જીએ પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર ૫ અને ડીઝલમાં ૩નો ઘટાડો જાહેર કર્યો છે, જેનાથી વાહનચાલકોને થોડો રાહત અનુભવાશે.

કેન્દ્ર સરકારે પાસપોર્ટની ફીમાં પણ નોંધપાત્ર વધારો કર્યો છે. સામાન્ય ૩૬ પાનાના પાસપોર્ટની ફી ૧,૫૦૦થી વધારી ૨,૫૦૦ કરવામાં આવી છે, જ્યારે તત્કાલ અને ૬૦ પાનાના પાસપોર્ટની ફીમાં પણ ૧,૫૦૦થી ૨,૦૦૦ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારાથી વિદેશ પ્રવાસ અથવા કામ માટે પાસપોર્ટ બનાવનારાઓના ખર્ચમાં વધારો થશે.

રેલવે મંત્રાલયે ટિકિટ વગર મુસાફરી કરવા બદલ વસૂલાતા લઘુત્તમ દંડને ૨૫૦થી વધારી ૫૦૦ કર્યો છે. હવે મુસાફરને વાસ્તવિક ભાડા ઉપરાંત ઓછામાં ઓછો ૫૦૦ દંડ ચૂકવવો પડશે. ગંભીર કિસ્સામાં કોર્ટ દ્વારા જેલ સજા અથવા વધારાનો દંડ પણ થઈ શકે છે, જેથી મુસાફરોમાં નિયમોનું પાલન વધે તેવી શક્યતા છે.

પેટ્રોલિયમ મંત્રાલયે પેટ્રોલ પંપ પરથી એક વાહનમાં દરરોજ માત્ર ૨૦૦ લિટર ડીઝલ ભરાવવાની મર્યાદા પણ હટાવી દીધી છે. હવે સામાન્ય ગ્રાહકો, ટ્રાન્સપોર્ટરો અને ઉદ્યોગો પોતાની જરૂરિયાત મુજબ ડીઝલ મેળવી શકશે, જેનાથી સપ્લાય સંબંધિત મુશ્કેલીઓમાં રાહત મળશે.

UIDAIએ આધાર કાર્ડમાં ઈ-મેલ સરનામું અપડેટ કરવા માટે લાગતી ૭૫ની ફી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી માફ કરી છે. આ સમયગાળા દરમિયાન નાગરિકો મફતમાં ઈ-મેલ અપડેટ કરાવી શકશે, જેનાથી ડિજિટલ સેવાઓનો ઉપયોગ વધુ સરળ બનશે.

આ ઉપરાંત, કિયા ઇન્ડિયા અને ટાટા મોટર્સ સહિતની ઓટોમોબાઈલ કંપનીઓએ પોતાના વાહનોના ભાવમાં ૧.૫થી ૨ ટકા સુધીનો વધારો અમલમાં મૂક્યો છે. પરિણામે ૧ જુલાઈથી નવી કાર ખરીદવી ગ્રાહકો માટે વધુ મોંઘી બની છે અને વાહન ખરીદીનો ખર્ચ વધ્યો છે.

### ફિટનેસના નામે ફ્રોડઃ 150 યુવતિની ગેંગનું મોટું કૌભાંડ ફૂટ્યું

# 100% વેઈટલેસની ફેસબુક એડથી ફસાયા લોકો; 80 કરોડનું કૌભાંડ પકડાયું

## સુરત સાયબર ક્રાઈમ બ્રાન્ચે દેશવ્યાપી કૌભાંડનો પર્દાફાશ કર્યોઃ ફેસબુક પર વજન ઘટાડવાની એડ મૂકીને અને તબીબી જગતના ખોટા પ્રોટોકોલ વાપરીને લોકોને જાળમાં ફસાવતા હતા

**સિટી ન્યૂઝ@સુરત**

સુરત સાયબર ક્રાઈમ બ્રાન્ચે એક દેશવ્યાપી કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જેની મોડસ ઓપરેન્ડી સાંભળીને સારા-સારા ટેકનોક્રેટ્સ પણ ચોંકી જાય. હરિયાણાના ગુરુગ્રામ (ગુડગાંવ) ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં એક આલીશાન ઓફિસ ભાડે રાખીને "CUREST SCIENCE & WELLNESS PRIVATE LIMITED" નામે એક સત્તાવાર રજિસ્ટર્ડ કંપની ખોલવામાં આવી હતી.આ કોર્પોરેટ ઓફિસમાં ૧૫૦થી વધુ યુવક-યુવતીઓથી સજ્જ એક હાઈટેક કૉલ સેન્ટર હતું. અહીંથી રોજ હજારો કૉલ્સ દેશભરની માસૂમ મહિલાઓને કરવામાં આવતા હતા. કૉલ સેન્ટરની અંદર અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી, જેમાં ૧૫૦ જેટલી મહિલા કૉલર્સ અને ૨૦ જેટલા પુરુષો સામેલ હતા, જેઓ ફેસબુક પર વજન ઘટાડવાની એડ મૂકીને અને તબીબી જગતના ખોટા પ્રોટોકોલ વાપરીને લોકોને જાળમાં ફસાવતા હતા.સુરતની એક ગૃહિણી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક સ્ક્રૉલ કરી રહી હતી, ત્યારે તેને વજન ઘટાડવા માટેની એક અત્યંત આકર્ષક અને પ્રોફેશનલ જાહેરાત જોવા મળી હતી. ત્યારબાદ ગેંગે વજન ઉતારવાની લાલચ આપીને ૧.૭૭ કરોડ પડાવી લીધા હતાં. જોકે આજે 30 જૂને સુરત પોલીસે ગુરુગ્રામની હાઈટેક ગેંગને ઝડપી લીધી હતી. દેશભરમાં ગુરુગ્રામની કંપનીએ ફેસબુક પર એડ મૂકીને ૮૦ કરોડનું કાંડ કર્યાનો ઘટસ્ફોટ થયો છે.સુરતની ગૃહિણીએ આ એડવર્ટાઈઝમેન્ટ પર ક્લિક કર્યું અને પોતાનો નંબર સબમિટ કર્યો. બસ, આ એક જ ક્લિકે તેને આંતરરાજ્ય સાયબર ઠગોની જાળમાં ધકેલી દીધી. કૉલ સેન્ટરમાંથી તાત્કાલિક મહિલા એડવાઈઝર્સે વોટ્સએપના માધ્યમથી ગૃહિણીનો સંપર્ક કર્યો અને પોતાની કંપની ક્યુરેસ્ટ સાયન્સ એન્ડ વેલનેસ હોવાનું જણાવી તેમની ઓફિશિયલ વેબસાઈટ curestscience.inની વિગતો મોકલી મજબૂત પ્રેઝન્ટેશન આપ્યું.સુરતની મહિલાને વિશ્વાસમાં લેવા માટે કૉલ સેન્ટરમાં બેઠેલા અર્સલાન નામના સાયબર ઠગે પોતાની અવાજ બદલવાની કળા વાપરી. તેણે ગૃહિણી સાથે ક્યારેક દેશના જાણીતા નિષ્ણાત "ડૉ. એમ. કે. ખન્ના" તો ક્યારેક "ડૉ. આકાશ મલહોત્રા" બનીને જુદા-જુદા અવાજમાં વાત કરી. કૉલ સેન્ટરની ટેલીકોલર છોકરીઓ હેના (જેણે પોતાનું નામ તન્વી શર્મા બતાવ્યું હતું) અને નિશા કુમારી (જેણે પ્રિયા ગુપ્તા નામ ધારણ કર્યું હતું)એ ગૃહિણીને એવું સમજાવ્યું કે કંપનીના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો તેમનું પ્રોપર કન્સલ્ટિંગ કરી રહ્યા છે.





### સુરત પોલીસની ખાસ અપીલઃ ઓનલાઈન એડથી સાવધ રહો

એડી. સીપી ડૉ. કરણરાજ સિંહ વાઘેલાએ સુરત સહિત દેશભરની મહિલાઓને ખાસ અનુરોધ કર્યો છે કે, સોશિયલ મીડિયા (ફેસબુક, ઈન્સ્ટાગ્રામ) પર આવતી વજન ઘટાડવાની, સ્લીમિંગ કે ગોરા થવાની આવી કોઈપણ ભ્રામક જાહેરાતો પર આંધળો વિશ્વાસ ન કરવો. મેડિકલ ટ્રીટમેન્ટ હંમેશા પ્રમાણિત ડૉક્ટરની રૂબરૂ મુલાકાત લઈને જ કરવી જોઈએ. જો કોઈ અજાણી વ્યક્તિ ફોન પર મોટી રકમની, અને તેમાં પણ ખાસ કરીને 'રોકડા' રૂપિયાની માંગણી કરે, તો તે ૧૦૦% ફ્રોડ છે. આવી સ્થિતિમાં ડર્યા વગર તાત્કાલિક નજીકના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અથવા હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવો જરૂરી છે.

### ધોરાજીમાં ડૂપ્લિકેટ વિમલ પાન મસાલા પણ બની રહી હતી

# સૌરાષ્ટ્રમાં બાગબાન બનાવતું નકલી કારખાનું ઝડપાયું




**સિટી ન્યૂઝ@ધોરાજી**

ધોરાજીમાં ગેરકાયદેસર અને નકલી બ્રાન્ડેડ પાન-મસાલા તેમજ તમાકુનું ઉત્પાદન કરતી એક ફેક્ટરીનો પર્દાફાશ થયો છે. લોકપ્રિય બ્રાન્ડ્સના નામે હલકી ગુણવત્તાવાળો મસાલો પેક કરી જનતા સાથે છેતરપિંડી આચરવાના આ રેકેટમાં પોલીસે દરોડો પાડીને એક મુખ્ય આરોપીની ધરપકડ કરી છે અને મોટી માત્રામાં નકલી સામગ્રી તથા મશીનરી સહીત રૂ.૧.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.ધોરાજીના દાણાવાલા ચોક પાસે આવેલા સીટી પ્લાઝા કોમ્પ્લેક્ષના પ્રથમ માળે રહેતા સદામ રજાકભાઈ રગારી નામના શખ્સના રહેણાક મકાનમાં નકલી બ્રાન્ડેડ પાન-મસાલા તેમજ તમાકુનું ઉત્પાદન થાય છે જાના આધારે પોલીસે દરોડો પાડી ઘરની તલાશી દરમિયાન ત્યાં ગેરકાયદેસર રીતે નકલી પ્રોડક્ટ્સ બનાવવાનું આખું નેટવર્ક કાર્યરત હોવાનું સામે આવ્યું હતું. નામાંકિત બ્રાન્ડ્સના નામે છેતરપિંડી આરોપી સદામ રગારી કોઈપણ પ્રકારના કાયદેસરના પરવાના કે લાયસન્સ વગર વિમલ પાન મસાલા અને બાગબાન તમાકુ જેવી પ્રતિષ્ઠિત કંપનીઓના નામે નકલી અને હલકી ગુણવત્તાવાળી તમાકુનું પેકિંગ કરતો હતો. બજારમાં અસલી તરીકે ખપાવીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવાના અને આર્થિક છેતરપિંડી આચરવાના આશયથી આ આખું કારખાનું ઘરની અંદર જ ચલાવવામાં આવી રહ્યું હતું. મકાન માંથી વિવિધ પ્રકારની પેકિંગ સામગ્રી અને મશીનરી સહિત કુલ રૂ.૧,૩૬,૮૬૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં વિમલ પાન મસાલા અને બાગબાન તમાકુના મોટા પ્રિન્ટેડ રોલ, ખાલી પાઉચ, ૬૦ કિલો વજન ધરાવતી સોપારીની ભૂકી ભરેલી ૧૨ બોરીઓ, લૂઝ તમાકુ, હીટ મશીન, મિક્સર, ઈલેક્ટ્રીક વજન કાંટો અને પાઉચ સીલ કરવાના નાના-મોટા ૩ મશીનોનો સમાવેશ થાય છે. આ તમામ સામગ્રી બિનઅધિકૃત રીતે નકલી ઉત્પાદન માટે રાખવામાં આવી હોવાનું સાબિત થયું છે. આ મામલે ધોરાજી પોલીસે આરોપી સદામ રજાકભાઈ રગારી વિરુદ્ધ છેતરપિંડી તેમજ કોપીરાઈટ એક્ટ ની કલમ હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી છે. આ કેસની આગળની એએસઆઈ મહેશભાઈ રૈયાભાઈ રાડાને સોંપવામાં આવી છે. નકલી ચીજવસ્તુઓના આ નેટવર્કમાં અન્ય કોઈ મોટા માથાઓ સામેલ છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ત્રિ-મંદિર પાસે બંધ ટ્રક પાછળ બાઈક ઘુસતા તબીબી છાત્રનું મોત

### કચ્છનો વતની યુવાન આર્યવીર કોલેજમાં હોમિયોપેથીનો અભ્યાસ કરતો હતો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કુવાડવા પાસે ત્રિ-મંદિર નજીક વહેલી સવારે ટ્રક અને બાઈક અથડાતા હોમિયોપેથી કોલેજના વિદ્યાર્થીનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. નિખિલ બ્રાહ્મણ સવારે અમદાવાદ હાઈવે પર આવેલ પોતાની આર્યવીર કોલેજ ખાતે બાઈક લઈને જતો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો. મૂળ કચ્છનો વતની ૨૦ વર્ષીય નિખિલ રાજકોટની પીડીયુ મેડિકલ કોલેજની હોસ્ટેલમાં રહેતો હતો. બનાવની જાણ થતા મેડિકલ સ્ટુડન્ટ દોડી ગયા હતા અને ભારે શોક છવાયો હતો. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ કચ્છનો હાલ પીડીયું મેડિકલ કોલેજમાં મોટાભાઈ સાથે રહી આર્યવીર કોલેજમાં હોમિયોપેથીના બીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતો નિખિલ દશરથભાઈ બ્રાહ્મણ ઉ.૨૦ આજે સવારે ૮ વાગ્યા આસપાસ પોતે પોતાનું બાઈક ચલાવીને પોતાની કોલેજે જતા હતા.ત્યારે રાજકોટ અમદાવાદ નેશનલ હાઈવે પર કુવાડવાથી આગળ ત્રિ-મંદિર પાસે રોડ પર પડેલ બંધ ટ્રક પાછળ બાઈક અથડાતા અકસ્માત થતા નિખિલને માથે શરીરે ગંભીર ઈજા થઈ હતી. તેમને તત્કાલ ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.અહીં ઈમરજન્સી રૂમમાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કરેલ. તેમના મોટા ભાઈ પાર્થ બ્રાહ્મણ પણ પીડીયુ મેડિકલ કોલેજમાં એમબીબીએસના ચોથા વર્ષમાં અભ્યાસ કરે છે. ઈન્ટર્ન ડોક્ટર છે. તેઓને જાણ થતા સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી રૂમ ખાતે દોડી આવતા, નાના ભાઈના મૃત્યુના સમાચાર સાંભળી ભારે આક્રંદ કરતા વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હતી આ સાથે અન્ય મેડિકલ સ્ટુડન્ટસ, ડોક્ટર્સ પણ એકત્ર થઈ ગયા હતા. નિખિલના વતનમાં કચ્છ જાણ કરાતા તેમના પિતા દશરથભાઈ વાલજીભાઈ સહિતના પરિવારજનો રાજકોટ આવવા રવાના થયા હતા.નિખિલભાઈ રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર આવેલી આર્યવીર હોમિયોપેથીક કોલેજમાં બીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા હતા અને પોતાના મોટા ભાઈ સાથે પીડીયું હોસ્ટેલમાં રહેતા હતા. પોલીસે જરૂરી કાગડી કાર્યવાહી કરીને મૃતદેવી માટે ખસેડ્યો હતો. આ તરફ મેડિકલ સ્ટુડન્સ અને મૃતકના પરિવારજનોમાં ભારે શોક છવાયો હતો.

### મહારાષ્ટ્ર FDA કમિશનરને ટ્રાન્સફર માટે આંતરરાષ્ટ્રીય ડ્રગ લોબીએ 250 જમા કરાવ્યાના MLAના આરોપ

# IAS તુકારામ મુંધે 24 ટ્રાન્સફર છતાંય અડગ, ભ્રષ્ટાચારી દૂર ભાગે

- મહારાષ્ટ્ર વિધાનસભામાં ઈમાનદાર અધિકારીનો મુદ્દો ગુંજ્યો
- ફૂડ વિભાગમાં ભેળસેળ કરતા લોકો ઉપર રોજ સર્જીકલ સ્ટ્રાઈક

## હોટલ, રેસ્ટોરાં અને રસ્તાની બાજુમાં ખાણીપીણીની દુકાનોને બોટલ બંધ પાણી ખરીદવા માટે દબાણ નહીં મફત સ્વચ્છ પાણી રાખવાની કડક સૂચના

**સિટી ન્યૂઝ@મુંબઈ**

મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) કમિશનર તુકારામ મુંધે એક મોટા રાજકીય વિવાદના કેન્દ્રમાં જોવા મળ્યા છે. રાજ્ય વિધાનસભામાં તેમની બદલીના કથિત પ્રયાસ અને આ મામલે 'આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયા'ની સંડોવણી અંગે સનસનાટીભર્યા આરોપો લગાવવામાં આવ્યા છે.મહારાષ્ટ્ર વિધાનસભામાં NCP (શરદ પવાર)ના ધારાસભ્ય જિતેન્દ્ર આવ્હાડે કહ્યું કે , FDA કમિશનર તુકારામ મુંધેના ટ્રાન્સફર માટે એક આંતરરાષ્ટ્રીય ડ્રગ લોબીએ ૨૫૦ કરોડ રૂપિયા જમા કરાવ્યા હતા.
તેમણે આરોપ લગાવ્યો કે ફાર્માસ્યુટિકલ અને ફૂડ ક્ષેત્રના શક્તિશાળી વ્યક્તિઓ અને ભ્રષ્ટ અધિકારીઓ IAS અધિકારી દ્વારા ભેળસેળ અને ગેરકાયદેસર વેપાર પર કાર્યવાહીથી નાખુશ હતા. આવ્હાડે કહ્યું, 'હું આવતા સોમવારે વિધાનસભામાં આ રેકેટમાં સામેલ તમામ મોટા નામોનો પર્દાફાશ કરીશ.'ગૃહમાં આ મુદ્દો ત્યારે વધુ ગરમાયો જ્યારે BJP ધારાસભ્ય સુધીર મુંઘંટીવારે મુંધેના કામની પ્રશંસા કરી અને કહ્યું કે અધિકારી ઓછામાં ઓછા ૩ વર્ષ સુધી તેમના પદ પર રહેવા જોઈએ. શિવસેનાના ધારાસભ્ય અર્જુન ખોટકરે દાવો કર્યો હતો કે, મુંધેને જાનથી મારી નાખવાની ધમકી મળી છે અને તેમના માટે સુરક્ષા વધારવાની માંગ કરી હતી. ચર્ચાનો જવાબ આપતા, મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન મંત્રી નરહરિ ઝિરવાલે તાત્કાલિક ટ્રાન્સફરની અટકળોને ફગાવી દીધી. તેમણે કહ્યું કે મુંધેને તેમના પદ પરથી દૂર કરવાનો કોઈ પ્રશ્ન જ નથી અને તેમના કાર્યને અસરકારક ગણાવ્યું. જોકે, મંત્રીએ સ્વીકાર્યું કે, વિભાગ હજુ પણ વાહનો અને માળખાગત સુવિધાઓનો અભાવ અનુભવી રહ્યો છે.
મહારાષ્ટ્રના સૌથી પ્રખ્યાત IAS અધિકારીઓમાંના એક, તુકારામ હરિભાઉ મુંધેએ પોતાને કોઈ પણ મુદ્દે સમાધાન ન કરનારા અને પુરી રીતે સ્વતંત્ર અધિકારી તરીકે સ્થાપિત કર્યા છે. મુંધે એક નાના ખેડૂત પરિવારમાંથી આવે છે. તેમના પિતા, હરિભાઉ મુંધે, એક નાના ખેડૂત હતા, જ્યારે તેમની માતા, આશારાબાઈ મુંધે, મુશ્કેલ નાણાકીય પરિસ્થિતિઓ છતાં ઘર સાંભળતા હતા.

## 904 દરોડા પાડી 35 કરોડથી વધુ કિંમતના ગુટખા પાન અને મસાલા જપ્ત કર્યા



### ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના કમિશનર મુંધેનો સપાટો

## મુંબઈની નામાંકિત 6 હોટલના લાઈસન્સ આજે કેન્સલ કર્યા

### આદિત્ય બિરલા ગ્રુપની ન્યૂ એજ રેસ્ટોરાં એન્ડ કેફે પ્રાઈવેટ લિમિટેડનું લાઈસન્સ રદ્દ કરાયું

**સિટી ન્યૂઝ@મુંબઈ**

ફૂડ ઍન્ડ ડ્રગ ઍડ્મિનિસ્ટ્રેશન (FDA)ના કમિશનર તુકારામ મુંઢેએ જે હોટેલો, દુકાનો કે ખાવાની સામગ્રી વેચતા સ્ટૉલ્સ સ્વચ્છતા સહિતના FDAના નિયમો નથી પાળતા એમની સામે કાર્યવાહીનો સપાટો બોલાવ્યો છે. નિયમ પાળો નહીં તો કાર્યવાહીનો સામનો કરો એવી સ્પષ્ટ ચીમકી તુકારામ મુંઢેએ આપી છે. લોકોના સ્વાસ્થ્ય સાથે કરવામાં આવતાં ચેડાં નહીં ચલાવી લેવાય એવી ચેતવણી આપતાં મુંબઈની નામાંકિત ૬ હોટેલોનાં લાઇસન્સ કૅન્સલ કરી દીધાં છે. FDAએ સોમવારે મુંબઈની ૬ જાણીતી હોટેલો સામે કાર્યવાહી કરી હતી અને એમનાં લાઇસન્સ પણ કૅન્સલ કર્યાં હતાં. આ કાર્યવાહી હેઠળ નરીમાન પૉઇન્ટ પર આવેલી આદિત્ય બિરલા ગ્રુપની આદિત્ય બિરલા ન્યુ એજ રેસ્ટોરાં ઍન્ડ કૅફે પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ચલાવાતી ફ્લિન્ટ અને વારસા રેસ્ટોરાંનું ૨૭ જૂને ઇન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. ત્યાં વાનગીઓનું મિસબ્રૅન્ડિંગ થતું હોવાનું એટલે કે દર્શાવ્યા મુજબના પદાર્થો ફૂડમાં વાપરવામાં આવ્યા નહોતા એવું જણાઈ આવ્યું હતું. એટલે તુકારામ મુંઢેએ આદેશ આપતાં હોટેલનું લાઇસન્સ કૅન્સલ કરવામાં આવ્યું છે. અન્ય હોટેલો પર પણ કાર્યવાહી કરીને તેમનાં લાઇસન્સ કૅન્સલ કરવામાં આવ્યાં છે. સાંતાક્રુઝ-ઈસ્ટની ગોપાલ ક્રિષ્ના હોટેલના કિચનમાં ઉંદર ફરી રહ્યા હતા. અંધેરીના કરાક એન્ટરપ્રાઈઝ નામના જાણીતા કિચન અને સ્ટોરેજ સેન્ટરમાં મોટી સંખ્યામાં વાંદા મળી આવ્યા હતા. બાંદરાની સેલિબ્રિટીઝની માનીતી મદ્રાસ ડાયરીઝ હોટેલમાં સ્વચ્છતાના કોઈ પણ નિયમ પાળવામાં આવતા નહોતા.

## તંત્રી લેખ



ક્યારેક એક વરસાદ જ પૂરતો હોય છે માત્ર ધરતીને નહીં, પણ દિલોને પણ હરિયાળા બનાવવા માટે

# મેઘરાજા પ્રેમ વરસાવો રાજકોટીયન્સ લાગણીઓમાં ડૂબવા તૈયાર !

### તપથી ધરતી રાહ જોઈ રહી છે... મેઘરાજાના આલિંગનની

તપતા ઉનાળાની લાંબી અને થાકવી દેતી સફર પછી આકાશ તરફ ઊંચી નજરે જોયે ત્યારે એક જ પ્રાર્થના મનમાં ઊભી થાય છે. “મેઘરાજા, હવે તો આવો...અને પ્રેમ વરસાવો.” ગરમી માત્ર શરીરને જ નહીં, પણ મનને પણ કંટાળી નાખે છે. રસ્તાઓ પર ફેલાયેલી તાપની તીવ્રતા જાણે માણસની લાગણીઓને પણ સુકવી નાખે છે.આવા સમયે વરસાદ માત્ર પાણીના ટીપાં લઈને નથી આવતો, તે સાથે લાવે છે નવી તાજગી, નવી આશા અને દિલને ઠંડક આપતો પ્રેમ. પહેલી વરસાદની સુગંધમાં એક અજાણી લાગણી છુપાયેલી હોય છે. જે મનને શાંત કરે છે અને દિલને સ્પર્શે છે. આજે લોકો માત્ર ગરમીથી રાહત જ નથી ઈચ્છતા, પણ તેઓ લાગણીઓમાં ફરીથી જીવવા માંગે છે. વરસાદના ટીપાં સાથે તેઓ પોતાના થાક, તણાવ અને ચિંતાઓને ધોઈ નાખવા તૈયાર છે. દરેક ટીપું જાણે કહે છે.“હવે બધું સારું થશે.” મેઘરાજા, આ વખતે માત્ર વરસાદ નહીં, પણ પ્રેમ વરસાવો. જેથી લોકો ફરીથી હસી શકે, ખુશીથી જીવી શકે અને લાગણીઓના દરિયામાં ડૂબીને જીવનની સુંદરતા અનુભવી શકે. મેઘરાજા, હવે માત્ર વરસાદ નહીં...દિલોમાં પ્રેમ ઉતારો ગરમી માત્ર ઋતુ નથી, એ એક અનુભૂતિ છે.એવો અનુભવ, જે શરીર સાથે સાથે મનને પણ થાકવી નાખે છે. તપતા રસ્તાઓ, ગરમ પવન અને બફારાભર્યું વાતાવરણ માણસને અંદરથી સુકવી નાખે છે. આ સમયમાં દરેક દિલ એક જ આશા રાખે છે કે ક્યાંકથી કોઈ ઠંડક આવે, કોઈ શાંતિ મળે.અને ત્યારે, આકાશના કિનારે દેખાતા કાળા વાદળો માત્ર વાદળો નથી રહેતા એ આશાના સંદેશવાહક બની જાય છે. મેઘરાજા જ્યારે વરસે છે, ત્યારે માત્ર ધરતી જ ભીની થતી નથી, પણ લોકોના હૃદયમાં પણ નવી લાગણીઓ જન્મે છે.આજના સમયમાં લોકો પાસે બધું છે સુવિધાઓ, ગતિ, સફળતા-પણ ક્યાંક લાગણીઓ ગુમ થઈ ગઈ છે. વરસાદ એ ગુમાવેલી લાગણીઓને ફરી જીવંત કરવાની શક્તિ ધરાવે છે. પહેલી બૂંદ સાથે જ મનમાં છુપાયેલી ખુશી બહાર આવે છે, અને આંખોમાં અજાણી ચમક દેખાય છે.મેઘરાજા, આ વખતે માત્ર પાણી નહીં વરસાવો.એવી લાગણીઓ વરસાવો કે લોકો ફરીથી એકબીજાને સમજવા લાગે, સંબંધોમાં ઉષ્મા પાછી આવે અને જીવનમાં પ્રેમ ફરી વહેવા લાગે.કારણ કે ક્યારેક એક વરસાદ જ પૂરતો હોય છે. માત્ર ધરતીને નહીં, પણ દિલોને પણ હરિયાળા બનાવવા માટે.



● તંત્રી ●
અનિરુદ્ધ નકુમ

### જયના મિત્રો 5000 માટે પણ હત્યા કરી શકે ના આક્ષેપ

# જય ખાંભરાનું ડુબવાથી નહીં પરંતુ હત્યા થઈ છે પરિવારનો આરોપ...

## પાર્ટી બાદ ડખ્ખો થયો અને બૂટલેગર હર્ષદ મહાજનના પુત્રએ મર્ડર કરી પાણીમાં ફેંકી દીધો?







**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના જામનગર રોડ પર પરાપીપળિયા ગામ નજીક તળાવમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. જે મૃતદેહ જય ખાંભરા નામના યુવાનનો હોવાનું સામે આવ્યું છે. જેના પરિવારજનોએ યુવકને માર મારી તેના જ મિત્રોએ પાણીમાં ફેંકી દીધો હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. જો કે સમગ્ર મામલે ગાંધીગ્રામ પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહને ફોરેન્સિક પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.મૃતકના કાકાએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે મારો ભત્રીજો તેના મિત્રો સાથે રાજસ્થાન ફરવા ગયો હતો જ્યાંથી પરત આવ્યા બાદ સોમવારે રાત્રે જેનીશ મહાજન, સદ્દામ, ભાવિન પટેલ અને ઋત્વિક પરમાર સાથે પાર્ટી કરતા હશે તેવી આશંકા છે અને બાદમાં બોલાચાલી થતા તેને માર મારી પાણીમાં ફેંકી દીધો છે. ઉલ્લેખનીય છે કે જેમના પર આક્ષેપ છે તે જેનીશ મહાજન નામચીન બુટલેગર હર્ષદ મહાજનનો પુત્ર છે અને તેના વિરુદ્ધ અનેક ગુના પોલીસ ચોપડે નોંધાઈ ચૂક્યા હોવાનું સામે આવ્યું છે.મૃતક યુવાન જય પ્રભાતભાઈ ખાંભરાના કાકા સુરેશભાઈ ખાંભરાએ જણાવ્યું હતું કે, મારો ભત્રીજો જય ખાંભરા તેના મિત્રો જેનીશ મહાજન, સદ્દામ, ભાવિન પટેલ અને ઋત્વિક પરમાર સાથે રાજસ્થાન ફરવા ગયો હતો જ્યાંથી પરત આવી રાજકોટ તેના આ મિત્રો સાથે જ એક કાળા કલરની વર્ના કાર સેલ્ફ ડ્રાઈવમાં ભાડે કરી ફરતા હતા.દરમિયાન ગઈકાલે સાંજે ૪ વાગ્યા આસપાસ મને તેના મિત્રો મારફત જાણ થઇ હતી કે પરમ દિવસ સોમવારે રાત્રે કોઈ અજાણ્યા શખ્સો તેમની કારનો પીછો કરી રહ્યા હતા. જેથી તમામ લોકો પરાપીપળીયા ગામમાં પહોંચ્યા હતા, આગળ રસ્તો બંધ થઈ જતા ઉતરી ખેતરમાં જતા રહ્યા હતા, દરમિયાન અંધારું હોવાથી જય પાણીમાં પડી ગયો હતો જેથી અમે પરિવારના લોકો બનાવની જાણ થતા સાંજે જ અહીં પહોંચ્યા હતા.

બનાવ અંગેની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પીઆઇ પી.એચ.ગઢવી તેમજ પીએસઆઈ સહિત કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર વિભાગે મૃતદેહ બહાર કાઢતા પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ જે ચાર મિત્રો પર પરિવારના સભ્યોએ આક્ષેપ કર્યા છે તેમની પોલીસે પૂછપરછ શરૂ કરી છે.

### જયના મિત્રો 5000 રૂપિયા માટે પણ હત્યા કરી શકે તેવા છે

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રિ દરમિયાન અંધારું થઇ જતા જયનો મૃતદેહ મળ્યો ન હતો અને આજે સવારે ફરી ૬ વાગ્યાથી ફાયર વિભાગે શોધખોળ કરતા જયનો મૃતદેહ મળી આવ્યો હતો. જયના મિત્રોએ સોમવારે રાત્રે બનાવ બન્યો હતો તો મંગળવાર સાંજ સુધી કેમ અમને કે પોલીસને જાણ ન કરી તે સવાલ અમને સતાવી રહ્યો છે. આ ઉપરાંત જયના મિત્રો નશા કરવાની ટેવ ધરાવતા હોવાથી અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાથી તેઓ ૫૦૦૦ રૂપિયા માટે પણ હત્યા કરી શકે તેવા છે.



### ઝીનત અમાનની GEN-Zને રિલેશનશીપ એડવાઈઝ

# 15 વર્ષનું દુઃખી લગ્નજીવન કરતા લિવ-ઈન બેસ્ટ

ઝીનત અમાને કહ્યું દરરોજ હનીમૂન નથી હોતું

બેબી બૂમર’ જનરેશન (૧૯૪૬થી ૧૯૬૪ વચ્ચે જન્મેલા લોકો) અને ૮૦ના દાયકામાં મોટા પડદા પર રાજ કરનારા બોલિવૂડના દિગ્ગજ એક્ટ્રેસ ઝીનત અમાન પોતાના બેબાક અંદાજ માટે જાણીતા છે. તાજેતરમાં જ તેમણે Gen-Z કપલ્સને મહત્ત્વની રિલેશનશિપ એડવાઇઝ આપી છે. ૭૪ વર્ષના એક્ટ્રેસે લિવ-ઇન રિલેશનશિપના જોરદાર વખાણ કરતાં કહ્યું છે કે, કોઈપણ વ્યક્તિએ લગ્ન જેવું મોટું કાનૂની પગલું ભરતા પહેલા પોતાના પાર્ટનર સાથે લિવ-ઇન રિલેશનમાં રહેવું જોઈએ. તેમના મતે, ૧૫ વર્ષના દુખી લગ્નજીવન કરતાં ૫ વર્ષનું લિવ-ઇન રિલેશનશિપ ઘણું સારું છે. તાજેતરમાં આપેલા એક ઇન્ટરવ્યુમાં ઝીનત અમાનની આ સલાહ પર તેમની સમકાલીન એક્ટ્રેસ મુમતાઝ અને સાયરા બાનોએ ટીકા પણ કરી હતી, પરંતુ ઝીનત પોતાની વાત પર મક્કમ છે.ઝીનત અમાને ઉમેર્યું કે, “જો તમે ભવિષ્યમાં બાળકો પેદા કરવાનું વિચારી રહ્યા છો, તો તેમનો ઉછેર કેવી રીતે કરશો? પૈસાની બાબતમાં તમારા બંનેના વિચારો કેવા છે? જો બે લોકો વચ્ચે તાલમેલ જ ન હોય તો સાથે રહેવાનો શું ફાયદો? લોકો એવું વિચારે છે કે રોમાન્સ હંમેશા આવો જ રહેશે. પરંતુ સંબંધોમાં હંમેશા લેવડ-દેવડ, તાલમેલ અને સમજૂતી કરવી પડે છે. સંબંધો સમય સાથે બદલાય છે. જો તમને એવું લાગતું હોય કે હનીમૂન ફેઝ કાયમ ચાલશે, તો એવું નથી હોતું.”

### આકાંક્ષા–ગૌરવ ખન્નાના છૂટાછેડા

# મારે બાળક નથી જોઈતા એટલે છૂટાછેડા આપ્યા

ટીવી એક્ટર અને ’બિગ બોસ ૧૯’ના વિજેતા ગૌરવ ખન્નાએ તેની પત્ની આકાંક્ષા ચમોલાથી છૂટાછેડા પર પહેલીવાર નિવેદન આપ્યું છે. લાફ્ટર શેફ્સના સેટ પર પહોંચેલા ગૌરવ ખન્નાને જ્યારે પાપારાઝીએ તેના હાલચાલ અને સોશિયલ મીડિયા પર ચાલી રહેલા વિવાદો વિશે સવાલ કર્યો, ત્યારે તેણે હસતા મોંઢે જવાબ આપ્યો. ગૌરવે કહ્યું કે તેની હાલત બિલકુલ પહેલા જેવી જ છે.તેણે કહ્યું, "પ્રેમ આજે પણ એટલો જ છે અને સપોર્ટ પણ એટલો જ છે. હું હંમેશા આકાંક્ષાને સપોર્ટ કરીશ, તે મારી પત્ની છે. પ્રેમ કર્યો તો પાછળ કેમ હટું." ગૌરવે આગળ કહ્યું કે તે હંમેશા આકાંક્ષાની સાથે ઊભા છે અને ઈચ્છે છે કે તે શોમાં સારું રમે અને જીતીને આવે.લૉક અપ શો દરમિયાન આકાંક્ષા ચમોલાએ તેના સહ-સ્પર્ધકો શ્રેયા કાલરા અને સૂફી મોતીવાલા સાથેની વાતચીતમાં છૂટાછેડાના કારણનો ખુલાસો કર્યો હતો. આકાંક્ષાએ જણાવ્યું કે લગ્ન પછી પણ તેને ક્યારેય બાળકોને લઈને ’મેટરનલ ઈન્સ્ટિંક્ટ’ (માતા બનવાની ઈચ્છા) જાગી નથી.



ગૌરવ ખન્નાને બાળકો જોઈતા હતા



એક્ટ્રેસનો બેક શોટ વાઈરલ થયો હતો

### નેહા ધૂપિયા પાપારાઝી પર ગુસ્સે

# ખોટા એંગલથી વીડિયો લે છે

ગોલ્ડ સ્ટ્રીમિંગ એવોર્ડ સેરેમનીમાં નેહા ધૂપિયા પાપારાઝી પર ભડકી ગઈ છે. એક્ટ્રેસે બેક શોટ લેવા અને તેને પોસ્ટ કરવા પર નારાજગી વ્યક્ત કરી અને પાપારાઝીને કડક શબ્દોમાં ચેતવણી પણ આપી.સેરેમનીમાંથી નેહા ધૂપિયા એવોર્ડ લઈને નીકળી રહી હતી. ત્યારે જ પાપારાઝીએ તેના ગ્રે હેર પર કોમેન્ટ કરી, જેના જવાબમાં ભડકતા તેણે કહ્યું છે, બોલી લીધું? કરી લીધું? આ બદતમીઝીથી બેક શોટ કોણ લે છે તમારામાંથી? કોણ લે છે? ન કરો. મારું નથી કરવાનું, કોઈનું નથી કરવાનું. બોલી-બોલીને થાકી ગયા છીએ. આગળ એક્ટ્રેસે કહ્યું, આ અમારું કામ નથી. અમે બહાર આવીએ છીએ, ત્યારે તમે લોકો ત્યાં આ બધું કરો છો, બેગ ઉઠાવીને, બુક ઉઠાવીને, પાછળથી ચાલતા, આ બધું હવે નહીં ચાલે. આ બધું બંધ કરો. અમે તમને ખૂબ જ આદરથી વાત કરીએ છીએ, આ બધું ન કરો, બિલકુલ આ બધું ન કરો.



# રાજસ્થાનમાં બસ અને ટ્રક વચ્ચે અકસ્માત 8 નાં મોત

## 6 પેસેન્જર જીવતા ભડથું થયા

**સિટી ન્યૂઝ@રાજસ્થાન**

રાજસ્થાનના દૌસા જિલ્લા નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર મંગળવારે મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઋષિકેશથી ઈન્દોર જઈ રહેલી એક સ્લીપર બસ આગળ જતા ટ્રક સાથે ધડાકાભેર અથડાતાં બંને વાહનોમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ હૃદયદ્રાવક દુર્ઘટનામાં આગમાં દાઝી જવાથી અને ગંભીર ઈજાઓના કારણે કુલ ૮ મુસાફરોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ૨૧ જેટલા ઘાયલોને સારવાર અર્થે દૌસાની જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આશંકા વ્યક્ત કરાઈ છે કે બસની વધુ પડતી સ્પીડ અને રાત્રિના સમયે ડ્રાઈવરને ઝોકું આવી જવાના કારણે આ દુર્ઘટના ઘટી હોઈ શકે છે. બીજી તરફ, સ્થાનિક લોકોએ બચાવ કામગીરીમાં વિલંબનો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે બસના સ્ટોરેજમાં સિગારેટના મોટા પ્રમાણમાં પેકેટ હોવાથી આગે ખૂબ ઝડપથી વિકરાળ સ્વરૂપ લીધું હતું, જેના કારણે મુસાફરોને બહાર કાઢવા મુશ્કેલ બન્યા હતા. હાલ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.



# કાશ્મીરમાં વાદળ ફાટ્યું અરૂણાચલમાં પૂર આવ્યુ

## MP-બિહારમાં વીજળી પડવાથી 8 નાં મોત

**સિટી ન્યૂઝ@કાશ્મીર**

જમ્મુ-કાશ્મીરના ડોડામાં બુધવારે સવારે ૨ વખત વાદળ ફાટ્યું. ભલેસાના કલાલગીસર વિસ્તારમાં વાદળ ફાટવાને કારણે પૂર આવ્યું. પુષ્કળ કાટમાળ પહાડી પરથી વહીને રસ્તા પર આવી ગયો. જેના કારણે રસ્તાઓ બ્લોક થઈ ગયા. બીજી તરફ, અરુણાચલ પ્રદેશમાં પૂર અને ભૂસ્ખલનનો કહેર ચાલુ છે. અત્યાર સુધીમાં ૪ લોકોનાં મોત થયા છે. અંજો જિલ્લાના સારતી ગામમાં ભૂસ્ખલનમાં એક વ્યક્તિનું મોત થયું.આ પહેલા કીયી પન્યોરમાં પૂરના પાણીમાં ૩ લોકો તણાઈ ગયા હતા. ધિકારીઓના જણાવ્યા અનુસાર ૨ લોકો ગુમ છે. ૨૮ જિલ્લાના ૯૦ હજારથી વધુ લોકો પ્રભાવિત થયા છે. બીજી તરફ, ચંપા નદીના ઉછાળામાં બાઇક સહિત બે યુવકો તણાઈ ગયા. બિહારમાં પણ વીજળી પડવાથી ૫ લોકોનાં મોત થયા. યુપીના સોનભદ્રમાં મંગળવારે સાંજે ૪ વાગ્યે પિકનિક મનાવવા ગયેલા ૩ લોકો વરસાદી નાળાના તેજ પ્રવાહમાં તણાઈ ગયા. એકનું મોત થયું. ઉત્તરાખંડમાં વરસાદને કારણે દેહરાદૂનમાં રિસપના નદી ગાંડીતૂર બની છે. ગંગાના વધતા જળસ્તરને જોતા ઋષિકેશમાં મંગળવાર સાંજથી ૩૧ ઓગસ્ટ સુધી રાફ્ટિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

### મનરેગાને બદલે VB-Ram G લાગુ

# આજથી કેન્દ્ર સરકારની ગેરંટી 100 ને બદલે 125 દિવસ રોજગારી

## દૈનિક વેતન 299 થી વધીને 327 થયું

**સિટી ન્યૂઝ@ નવી દિલ્હી**

કેન્દ્ર સરકાર દ્વારા નવો 'વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) કાયદો, ૨૦૨૫' (VB-G RAM G) લાગુ કરવામાં આવી રહ્યો છે, જેનો રાષ્ટ્રીય શુભારંભ ૨ જુલાઈએ આંધ્ર પ્રદેશના તિરુપતિ જિલ્લાના મુક્કાવરિપલ્લી ગામથી થશે. આ નવા કાયદા હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં રોજગારની કાનૂની ગેરંટી વર્ષમાં ૧૦૦ થી વધારીને ૧૨૫ દિવસ કરવામાં આવી છે. સાથોસાથ સરેરાશ દૈનિક વેતનમાં પણ વધારો કરી તેને ₹૩૨૭.૪ પ્રતિદિન કરવામાં આવ્યું છે. શ્રમિકોને સમયસર મજૂરી મળી રહે તે માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ₹૯૫,૬૯૨.૩૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

આ યોજનાના અમલીકરણમાં નવા કાર્ડ ન મળે ત્યાં સુધી E-KYC થયેલા જૂના જોબ કાર્ડ માન્ય રહેશે અને અગાઉની જેમ જ ગ્રામ પંચાયતો કાર્યોની દેખરેખ રાખશે. ભંડોળની વહેંચણીમાં સામાન્ય રાજ્યો માટે કેન્દ્ર અને રાજ્યનો હિસ્સો ૬૦:૪૦ રહેશે, જ્યારે પૂર્વોત્તર રાજ્યો અને પહાડી પ્રદેશોમાં કેન્દ્ર સરકાર ૯૦% ખર્ચ ભોગવશે. વધુમાં, ખેતીની વ્યસ્ત મોસમમાં રાજ્ય સરકારો આ યોજના હેઠળના કામને વધુમાં વધુ ૬૦ દિવસ સુધી મર્યાદિત કરી શકશે તેવી ખાસ જોગવાઈ પણ આ કાયદામાં સામેલ કરવામાં આવી છે.

## વિકાસની પોલ ખૂલી : નવા નકોર રોડ પાણીમાં બેસી ગયા



# વરસાદે સુરતને બનાવ્યું 'બદસુરત'

## હજુ તો સિઝનનો પહેલો વરસાદમાં કૌભાંડો રોડ ચીરીને બહાર આવ્યા




### ST નું આખુ ટાયર રોડમાં ઘૂસી ગયું



### ખાડમાં ખાબકી સ્કૂલ વાન

**સિટી ન્યૂઝ@સુરત**

સુરતમાં સ્માર્ટ સિટી અને વિકાસના મોટા દાવાઓ ચોમાસાની શરૂઆતમાં જ પોકળ સાબિત થયા છે. મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીના લીરેલીરા ઊડતાં શહેરમાં માત્ર ૧૫ દિવસના ટૂંકા ગાળામાં મુખ્ય રસ્તાઓ બેસી જવાની ૪ મોટી અને ભયાનક દુર્ઘટનાઓ સામે આવી છે. ૧૦૦ મીટરથી લઈને છેક ૭૦૦ મીટર સુધીના આખેઆખા રોડ જમીનમાં ગરકાવ થઈ જતાં સુરત મનપાના આયોજન, ગુણવત્તા અને ભ્રષ્ટાચાર સામે સ્થાનિક જનતામાં ભારે રોષ અને આક્રોશ જોવા મળી રહ્યો છે.

આ સિલસિલામાં ૧ જુલાઈના રોજ ઉધના-પાંડેસરા મુખ્ય માર્ગ પર હૃદયદ્રુજાવનારી ઘટના બની હતી. અહીં ચાલુ રોડ અચાનક ધસી પડતાં ૩૫ મુસાફરો ભરેલી સરકારી ST બસનું આખું ટાયર મોટા ભુવામાં ઘુસી ગયું હતું, જેના કારણે મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતા. સદનસીબે તમામનો આબાદ બચાવ થયો હતો. આ જ દિવસે લીંબાયત વિસ્તારમાં પણ રોડ બેસી જતાં એક સ્કૂલ વાન ખાડામાં નમી ગઈ હતી. જોકે, બાળકો સુરક્ષિત રહેતા મોટી હોનારત ટળી હતી, પરંતુ કલાકો સુધી ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી.

અગાઉ 30 જૂનના રોજ મોટા વરાછા અને પુણાગામ વિસ્તારમાં પણ રસ્તાઓએ જળસમાધિ લીધી હતી. મોટા વરાછામાં તો અંદાજે ૭૦૦ મીટરની વિશાળ રેન્જમાં આખો રોડ બેસી ગયો હતો, જેમાં પાર્ક કરેલી અને પસાર થતી અનેક આલીશાન કાર કાટમાળ અને માટી નીચે દબાઈ ગઈ હતી. જ્યારે પુણાગામ સણીયા રોડ પર સર્જાયેલી સ્થિતિમાં હેવી કોમર્શિયલ વાહનો સહિત અંદાજે ૭ જેટલા વાહનો તૂટેલા રોડની અંદર કચડાઈ ગયા હતા.



**રોડ નહીં ખાડાઓના શહેર સુરતમાં અકસ્માતનો ખતરો વધ્યો**

રસ્તાઓ બેસી જવાની આ સિરીઝની શરૂઆત ૧૬ જૂને ડીંડોલીથી થઈ હતી. ડીંડોલીના મુખ્ય પ્રમુખ રોડ પર લગભગ ૧૦૦ મીટરનો પટ્ટો એકાએક જમીનમાં ધસી ગયો હતો, જેમાં એક ભારેભરખમ ડમ્પર તેના તમામ ટાયર સાથે ખાડામાં ખૂંપી ગયું હતું અને તેને બહાર કાઢવા ક્રેનની મદદ લેવી પડી હતી. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા રસ્તાઓ પત્તાના મહેલની જેમ ઉપરાઉપરી તૂટી પડતાં સુરતીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે અને ભ્રષ્ટ તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે.









### AAPના જીગીશા પટેલના આરોપ

# જેટકો લાઈનથી ખેડૂતોને મોટું નુકશાન

## ઉદ્યોગપતિઓને ફાયદો કરાવવાની નીતિ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજ્યમાં કાલાવડથી ઘેલા સોમનાથ સુધી નાંખવામાં આવતી જેટકો (JETCO) ની નવી વીજ લાઇનના વિરોધમાં ખેડૂતોનો રોષ ભભૂકી ઉઠ્યો છે. આ આંદોલનમાં ઝંપલાવતા આમ આદમી પાર્ટીના નેતા અને ખેડૂત આગેવાન જીગીશા પટેલે ખેડૂતોની રેલીમાં પહોંચીને રાજ્ય સરકાર અને તંત્ર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે સ્પષ્ટ અને ગંભીર આરોપ લગાવ્યો હતો કે, સરકારની આ નીતિ માત્ર ખેડૂતોને ભોળવીને મોટા ઉદ્યોગપતિઓના ખિસ્સા ભરવા માટેની છે.

જીગીશા પટેલે વેધક સવાલ ઉઠાવ્યો હતો કે, કાલાવડ કે ઘેલા સોમનાથમાં એવો કયો મોટો પાવર પ્રોજેક્ટ ચાલી રહ્યો છે, જ્યાંથી ઉત્પન્ન થતી વીજળી ટ્રાન્સફર કરવા આટલી મોટી લાઇન નાંખવામાં આવી રહી છે? વાસ્તવિકતા એ છે કે આ વીજ લાઇનનો ઉપયોગ ક્યાંક ને ક્યાંક અદાણી અને અંબાણી જેવા ઉદ્યોગપતિઓને સીધો ફાયદો કરાવવા માટે થઈ રહ્યો છે. સરકારી બાબુઓની તાનાશાહીનો પર્દાફાશ કરતા તેમણે જણાવ્યું કે, જે સર્વે નંબરમાંથી લાઇન પસાર થવાની હોય તે અસરગ્રસ્ત ખેડૂતને જાણ કરવાના બદલે સીધી ગ્રામ પંચાયતમાં નોટિસ મોકલી દેવાય છે. વાંધા અરજીની મુદત પૂરી થયા બાદ અધિકારીઓ રાતોરાત ખેતરમાં થાંભલા ખોડી દે છે. "કયા અધિકારીએ ખેડૂતને પૂછીને કે બોલાવીને સર્વે કર્યો?" તેવો સવાલ ઉઠાવી તેમણે માંગ કરી હતી કે જો આ ખરેખર સરકારી પ્રોજેક્ટ હોય, તો સરકાર લેખિતમાં ખાતરી આપે કે ભવિષ્યમાં તેનો ઉપયોગ અદાણી-અંબાણીના અંગત પ્રોજેક્ટ માટે નહીં થાય.

વીજ લાઇનથી ખેડૂતોને થનારા નુકસાનનો ચિતાર આપતા AAP નેતાએ જણાવ્યું કે, જે સર્વે નંબરમાં તોતિંગ થાંભલો આવે તે જમીનમાં ભવિષ્યમાં ખેડૂત ન તો કૂવો ગાળી શકે, ન ઓરડી બનાવી શકે કે ન કોઈ બાંધકામ કરી શકે. આવી જમીન વેચવા જાય તો તેના ભાવ અડધા થઈ જાય છે. આ મોટા આર્થિક નુકસાનની ભરપાઈ કોણ કરશે? ખેતરમાંથી માત્ર તાર પસાર થતા હોય ત્યાં પણ કાલે સવારે કંપનીના માણસો મેન્ટેનન્સના નામે ઊભા પાકને નુકસાન કરશે. જો વીજળી ખરેખર દેશહિતમાં વપરાવાની હોય તો ખેડૂતો હસતા મુખે બલિદાન આપવા તૈયાર છે, પરંતુ કોઈના અંગત સ્વાર્થ અને કરોડોની કમાણી માટે ખેડૂતોને નજીવું વળતર આપીને બરબાદ કરવામાં આવી રહ્યા છે, જે સાંખી લેવાશે નહીં.

રેલીમાં સ્પષ્ટતા કરતા જીગીશા પટેલે ઉમેર્યું કે, તેઓ અહીં કોઈ રાજકારણ કરવા નથી આવ્યા. ખેડૂતોના બોલાવવાથી એક ખેડૂત પુત્રી તરીકે તેઓ ખેડૂતોની વ્હારે આવ્યા છે. આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોની પીડા કલેક્ટર સુધી પહોંચાડવાનો છે. તેમણે જણાવ્યું કે, "આ લડાઈમાં ખેડૂત આગેવાન રાજુભાઈ સખિયા આગળ રહીને નેતૃત્વ કરે તો પણ અમને વાંધો નથી, અમે ખેડૂતોમાં ભાગલા પાડવા નથી માંગતા. આ લડત કોઈ રાજકીય પક્ષની કે વ્યક્તિગત નથી, આ માત્ર ખેડૂતોના હકની લડાઈ છે અને ખેડૂતોના હિત માટે અમે સતત તેમની સાથે ખભેખભો મિલાવીને ઊભા રહીશું."

### પંજાબમાં આજે દિવાળી જેવો માહોલ

# પંજાબ સરકારે SC સમાજની મહિલાઓને 1500 અને બાકી તમામને 1000 મહિને ચૂકવણી શરૂ



## AAP સરકારે મહિલા સન્માન રાશિના ત્રણ હપ્તા એક સાથે ચૂકવ્યા

સિટી ન્યૂઝ@ચંદીગઢ

પંજાબની આમ આદમી પાર્ટી (AAP) સરકારે મહિલાઓને મોટી ભેટ આપીને ચૂંટણી પહેલા આપેલું પોતાનું એક મોટું વચન પૂર્ણ કર્યું છે. પંજાબમાં 'મહિલા સન્માન રાશિ' યોજના હેઠળ મહિલાઓને દર મહિને મળવાપાત્ર આર્થિક સહાયની ચૂકવણી શરૂ કરી દેવામાં આવી છે. રાજ્ય સરકારે મહિલાઓને એકસાથે ત્રણ મહિનાના હપ્તા ચૂકવીને પંજાબમાં જાણે દિવાળી જેવો જશ્નનો માહોલ ઊભો કરી દીધો છે.

મળતી માહિતી મુજબ, આ યોજના અંતર્ગત પંજાબ સરકાર દ્વારા SC (અનુસૂચિત જાતિ) સમાજની પાત્ર મહિલાઓને દર મહિને ૧૫૦૦ અને અન્ય તમામ પાત્ર મહિલાઓને દર મહિને ૧૦૦૦ ની આર્થિક સહાય ચૂકવવામાં આવી રહી છે. સરકારે આ સન્માન રાશિના ત્રણ હપ્તા એકસાથે મહિલાઓના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવાની શરૂઆત કરી દીધી છે, જેનાથી મહિલાઓમાં ભારે હર્ષોલ્લાસ જોવા મળી રહ્યો છે.

આ યોજનાની શરૂઆત પ્રસંગે AAPના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે વિપક્ષો પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે મુખ્યમંત્રી ભગવંત માનના નેતૃત્વની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, "આજે પંજાબની માતાઓ અને બહેનો માટે ખૂબ મોટો દિવસ છે. ભગવંત માન એવા પ્રથમ મુખ્યમંત્રી છે જેમણે પંજાબને લૂંટ્યું નથી. તેમણે સરકારી પૈસાનો એક-એક રૂપિયો સીધો લોકો સુધી પહોંચાડવાનું કામ કર્યું છે."

અગાઉની સરકારો પર સીધું નિશાન સાધતા કેજરીવાલે આકરા શબ્દોમાં કહ્યું કે, "જે લોકોએ ભૂતકાળમાં પંજાબને લૂંટ્યું છે, તેઓ આજે માતાઓ અને બહેનોને ગાળો આપી રહ્યા છે. તેઓ મુખ્યમંત્રી ભગવંત માનને પણ ગાળો ભાંડી રહ્યા છે. પરંતુ આ વિરોધીઓએ હવે સમજી લેવાની જરૂર છે કે પંજાબ હવે બદલાઈ ચૂક્યું છે. પંજાબ હવે ઝડપથી વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે."

### નાસીરનગર ડિમોલિશનમાં મોટી કાર્યવાહી

# સુરત ડિમોલિશનમાં ભૂલ ભારે પડી 5 એન્જિનિયર સસ્પેન્ડ

**સિટી ન્યૂઝ@સુરત**

સુરતના નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં સુરત મહાનગરપાલિકાએ મોટી કાર્યવાહી કરતાં પાંચ એન્જિનિયરોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી ખાતાકીય તપાસ શરૂ કરી છે. વિશેષ તપાસ સમિતિના અહેવાલના આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓમાં કાર્યપાલક ઈજનેર સુજલ પ્રજાપતિ અને જયંગ રામજીવાલા, ડેપ્યુટી ઈજનેર અર્પણ પરમાર, આસિસ્ટન્ટ ઈજનેર મોનિક ગઢીયા તથા જુનિયર ઈજનેર નરેશ ગલચરનો સમાવેશ થાય છે. પાંચેય અધિકારીઓ સામે હાઈકોર્ટમાં પણ અરજી કરવામાં આવી હતી.






સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલા નાસીરનગર ખાતે ૩૦ મે, ૨૦૨૬ના રોજ હાથ ધરાયેલી ડિમોલિશન કામગીરી બાદ ભારે વિવાદ સર્જાયો હતો. સમગ્ર મામલાની તપાસ માટે રચાયેલી વિશેષ સમિતિએ અહેવાલ રજૂ કર્યા બાદ મહાપાલિકાએ નિષ્પક્ષ તપાસ સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને ફરજમોકૂફ કરવાનો નિર્ણય લીધો છે.

તપાસ દરમિયાન સુજલ પ્રજાપતિની ભૂમિકા પણ ચર્ચામાં રહી છે. આક્ષેપ મુજબ તેમણે પોતાના ઝોનનો વિષય ન હોવા છતાં સ્થળ પર પહોંચીને શ્રીરામ એજન્સીને ત્રણ પોકલેન, બે જેસીબી બ્રેકર અને ૬૦ માણસોની વ્યવસ્થા કરવા સૂચના આપી હતી. ઉપરાંત સંબંધિત ઝોનના જવાબદાર અધિકારીને બાજુ પર રાખી પોલીસની હાજરીમાં ડિમોલિશન શરૂ કરાવ્યાના પણ આરોપો સામે આવ્યા છે.

આ સમગ્ર મામલે ગુજરાત હાઈકોર્ટે પણ કડક વલણ અપનાવ્યું હતું. કોર્ટે પોલીસ કમિશનરની કામગીરી અંગે ગંભીર સવાલો ઉઠાવી પૂછ્યું હતું કે પોલીસની હાજરી હોવા છતાં ઘટનાસ્થળે ગેરકાયદેસર પ્રવૃત્તિ કેવી રીતે બની અને ૧૬ દિવસ સુધી કોઈ કાર્યવાહી કેમ ન થઈ. કોર્ટે ડીમાર્કેશન પ્રક્રિયામાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની ભૂમિકા અંગે પણ પ્રશ્નો ઉઠાવી સંબંધિત બિલ્ડરને નોટિસ ફટકારી છે. આ કેસની આગામી સુનાવણી ૨ જુલાઈએ હાથ ધરાશે.



# વાપીમાં 5 ઈંચ વરસાદ

## અનેક વિસ્તારોમાં જળબંબાકાર

**સિટી ન્યૂઝ@વાપી**

જુલાઈ મહિનાની શરૂઆત સાથે જ દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. બુધવારે સવારે ૬થી ૧૨ વાગ્યા દરમિયાન રાજ્યના ૪૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો, જેમાં વાપીમાં સૌથી વધુ ૫ ઈંચ વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને કારણે ચલા રોડ, કચીગામ રોડ સહિતના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જ્યારે રેલવે અંડરપાસ પણ પાણીમાં ગરકાવ થયો હતો. સુરતમાં ઉધના નજીક રોડ બેસી જતાં એસટી બસ ફસાઈ ગઈ હતી. જોકે, સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. ઘટનાએ પ્રી-મોન્સૂન કામગીરી સામે ફરી સવાલો ઉભા કર્યા છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૭૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. નવસારીમાં ૪.૫૩ ઈંચ અને જલાલપોરમાં ૩.૫૦ ઈંચ વરસાદ પડ્યો હતો. રાજ્યના ૨૮ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગે આજે સુરત, નવસારી, વલસાડ, તાપી, ડાંગ, નર્મદા, ભરૂચ અને છોટા ઉદેપુર જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે. ઉપરાંત ૨ જુલાઈથી વરસાદનું જોર વધશે અને ૩-૪ જુલાઈએ દક્ષિણ ગુજરાતમાં અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં જૂન મહિનામાં સરેરાશ વરસાદમાં આશરે ૮૦ ટકા ઘટાડો નોંધાયો હોવાનું પણ હવામાન વિભાગે જણાવ્યું છે.

### ગુજરાત સરકારની જાહેરાત

# UPSCની તૈયારી કરતા ઉમેદવારોને દર મહિને 4 હજારની સહાય

## યુવતિઓને 2.05 લાખ, યુવાનોને 1.55 લાખ સુધીની રકમ મળશે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત સરકારે UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક નિર્ણય જાહેર કર્યો છે. સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA) અને તેના માન્ય તાલીમ કેન્દ્રોમાં અભ્યાસ કરતા ઉમેદવારોને આપવામાં આવતી પ્રોત્સાહન સહાયમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. નવી જોગવાઈ મુજબ હવે પ્રિલિમિનરી પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારોને દર મહિને ૪,૦૦૦ની સહાય આપવામાં આવશે.

સરકારના નિર્ણય મુજબ UPSC પરીક્ષાના દરેક તબક્કે સફળતા મેળવનારા ઉમેદવારોને અલગ-અલગ પ્રોત્સાહન સહાય પણ આપવામાં આવશે. પ્રિલિમિનરી પરીક્ષા પાસ કરનાર યુવકોને ૩૫,૦૦૦ અને યુવતીઓને ૫૦,૦૦૦ આપવામાં આવશે. મુખ્ય પરીક્ષા પાસ કરનાર યુવકોને ૪૫,૦૦૦ જ્યારે યુવતીઓને ૫૫,૦૦૦ની સહાય મળશે.

આ ઉપરાંત UPSCમાં અંતિમ પસંદગી મેળવનારા યુવકોને ૭૫,૦૦૦ અને યુવતીઓને ૧ લાખનું પ્રોત્સાહન આપવામાં આવશે. આ રીતે તમામ તબક્કાની સહાયને મળીને યુવકોને




કુલ ૧.૫૫ લાખ અને યુવતીઓને કુલ ૨.૦૫ લાખ સુધીની આર્થિક સહાય મળી શકશે.

SPIPAના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ચંદ્રેશ કોટકે સ્પષ્ટતા કરી છે કે પ્રિલિમ, મેઈન અને ઈન્ટરવ્યૂ સહિત દરેક તબક્કાની સહાય ઉમેદવારને માત્ર એક જ વખત મળશે. જો કોઈ ઉમેદવાર ફરી પ્રયાસ કરીને ઈન્ટરવ્યૂ સુધી પહોંચે તો અગાઉ મળેલી પ્રિલિમ અને મેઈનની સહાય ફરી આપવામાં આવશે નહીં, પરંતુ ઈન્ટરવ્યૂ તબક્કાની સહાય નિયમ મુજબ મળી શકશે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી UPSCની તૈયારી કરતા વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. સરકારનું માનવું છે કે આર્થિક સહાયથી વધુ યુવાનો ગુણવત્તાયુક્ત તૈયારી કરી શકશે અને ગુજરાતમાંથી દેશની સર્વોચ્ચ સિવિલ સેવાઓમાં પસંદગી પામનારા ઉમેદવારોની સંખ્યામાં વધારો થશે.

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?



**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો –
**"સિટી ન્યૂઝ રાજકોટ"** સુધી!

તમારી સમસ્યાનો
**ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત
**અધિકારીઓ** સુધી પહોંચાડશું

## ચૂંટણી હોય કે ન હોય –
## "સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે**
**આપનો સહકાર જરૂરી**

# કાર્પેટની આડમાં લવાતો 13.34 લાખનો દારૂ-બિયર ઝડપાયો

## રાજકોટ રેન્જની ટીમે 28.14 લાખના મુદામાલ સાથે બે શખ્સોની કરી ધરપકડ

**સિટી ન્યૂઝ@સુરેન્દ્રનગર**





સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા તાલુકામાંથી પસાર થઈ રહેલી એક ટ્રકમાંથી કારપેટના રોલની આડમાં છુપાવીને લઈ જવાતો વિદેશી દારૂ અને બીયરનો મોટો જથ્થો રાજકોટ રેન્જ પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે બે આરોપીઓની અટકાયત કરી કુલ રૂ.૨૮,૧૪,૯૯૪ નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી. રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય દ્વારા રાજકોટ રેન્જ હેઠળ આવતા તમામ જિલ્લાઓમાં ગેરકાયદેસર દારૂ અને જુગારની પ્રવૃત્તિઓ આચરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવાના અપાયેલ ખાસ આદેશથી પીઆઈ અપૂર્વ પટેલની રાહબરીમાં પીએસઆઇ પી.એન.મોરી, બી.સી.મીયાત્રા, સી.એમ.કટેલીયા અલગ અલગ ટીમ સાથે ટેકનિકલ એનાલિસિસ, અને હ્યુમન સોર્સના આધારે ગુનેગારોને શોધવા સતત પેટ્રોલિંગ અને વોચમાં હતી.દરમિયાન પીએસઆઇ સી.એમ.કટેલીયા તેમજ તેમના સ્ટાફના ધર્મેન્દ્રસિંહ વાઘેલા, રાજદિપસિંહ ઝાલા, ફતેસંગ પરમાર, કાસમભાઈ બ્લોચ અને ધર્મેન્દ્રસિંહ જાડેજા સુરેન્દ્રનગર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા.ત્યારે ધાંગધ્રાના સોલડી ટોલનાકા પાસે પહોંચતા જ સ્ટાફને હરિયાણા પાસિંગની એક ટ્રક નં. HR-૬૭-A-૮૯૬૪ નો ડ્રાઈવર ગેરકાયદેસર વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને ત્યાંથી પસાર થવાનો છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમ વોચમાં હતી ત્યારે સોલડી ટોલનાકા પાસેથી ટ્રક પસાર થતા જ પોલીસ ટીમે તેને કોર્ડન કરીને રોકી લીધી હતી. પ્રાથમિક તપાસમાં ટ્રકની અંદર કારપેટના મોટા રોલ ભરેલા દેખાતા હતા. પરંતુ પોલીસે જ્યારે ઊંડાણપૂર્વક ચેક કર્યું, ત્યારે કારપેટના રોલની આડમાં સંતાડેલી વિદેશી દારૂની બોટલો અને બીયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે ગણતરી કરતા કુલ ૯,૭૯૨ નંગ વિદેશી દારૂ/બીયર રૂ.૧૩.૩૪ લાખનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આ ગેરકાયદેસર હેરફેરના મામલે ટ્રકમાં સવાર બે શખ્સો રાજસ્થાની ડ્રાયવર સંદિપકુમાર વિનોદકુમાર શાહુ અને ક્લીનર રણવીરસિંગ મહેન્દ્રસિંગ ઘાયલની ધરપકડ કરી દારૂ, ટ્રક, કારપેટના રોલ સહિત કુલ રૂ.૨૮.૧૪ લાખનો મુદામાલ કબ્જે કરી ટ્રક સોંપનાર હરિયાણાના મહેશ, દારૂનો જથ્થો મંગાવનાર બુટલેગર, ટ્રકના માલિક સહિતના વિરૂદ્ધ ધાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સમલૈંગિક સંબંધોનો કરૂણ અંજામ

# શાપરમાં ધરારથી સબંધ રાખવાનું કહેતાં યુવકને પતાવી દીધો'તો

## શાપર પોલીસે કરી આરોપીની ધરપકડઃ હૈદરાબાદથી યુપી, ગાજીપુર, રાજસ્થાન અને શાપર સુધી આવી મારકૂટ અને ઝઘડા કરતો હતો





**સિટી ન્યૂઝ@સુરેન્દ્રનગર**

શાપરમાં મસ્કત ફાટક પાસે શનિવારે અજાણ્યા યુવાનની કોહવાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. જે અંગે પોલીસે ઊંડાણપૂર્વક તપાસ કરતા આ બનાવ હત્યાનો હોવાનું સામે આવ્યું છે. યુવાન સમલૈંગિક હોય મિત્ર સાથે સંબંધ રાખવા બાબતે બંન્ને વચ્ચે ઝઘડો થતા મિત્રએ જ તેને બોથળ પદાર્થનો ઘા ફટકારી પતાવી દીધો હોવાનો ધડાકો થયો છે. શાપરમાં ગત તા.૨૫ના કલાક મસ્કત ફાટક પાસે આવેલ ઓમ ઓટો એન્ડ રીંગ કારખાના પાસે રેલ્વેની દિવાલ પાસે એક સ્ત્રીના કપડા પહેરેલ પુરૂષની કોહવાઈ ગયેલ હાલતમા લાશ મળી આવી હતી બાદ લાશનુ રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ફોરેન્સિક પી.એમ. કરવતા મરણજનારનુ મોત માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી થયેલાનુ જણાઈ આવેલ હોય જેથી લાશની ઓળખ કરવા શાપર પીઆઈ આર.બી.રાણા તથા પીએસઆઈ એસ.આર.પંડયા,તથા વી.જી.જેઠવા સહિતની તમે તપાસ કરતા અને સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરતા પડવલા ખાતે આવેલ પીરામીડ કારખાનામા કામ કરતા મૂળ યુપીના પીયુષકુમાર બબલુ ખરવાર શંકાસ્પદ જણાતા તેની પુછપરછ કરતા પોતે હત્યા અંગે કબૂલાત આપતા જણાવ્યું હતું કે મૃતકનું નામ ચંદનકુમાર હતુ આશરે ત્રણેક વર્ષ પહેલા હૈદરાબાદ ખાતે હતો ત્યારે ફેસબુકમા NISHA KUMAR નામની ફેસબુક આઇ.ડી.થી તથા POONAM ૩૮૩૨૦૩ નામના ઈન્સ્ટાગ્રામ આઇ.ડી થી મૃતક સાથે મીત્રતા થઇ હતી બાદ આ હૈદરાબાદ ખાતે મૃતકે પોતાનુ નામ પુનમ જણાવેલ બાદ બન્નેએ હૈદરાબાદ ખાતે મૃતકના સેંથામાં સીંદુર પૂરી લગ્ન કર્યા હતા.

# લગ્નની લાલચ આપી મિત્રતા કેળવી મહિલા સાથે દુષ્કર્મ

## જો હુ કહું તેમ નહીં કરે તો તારા પુત્રને પતાવી દઈશ કહી તેણીના ફોટા અને નંબર ઈન્સ્ટાગ્રામમાં વાયરલ કર્યાઃ તાલુકા પોલીસે દુષ્કર્મ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને સકંજામાં લઈ તપાસ હાથ ધરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**



શહેરના કાલાવડ રોડ પરના વિસ્તારમાં રહેતી ૩૨ વર્ષીય મહિલાને ડરાવી-ધમકાવી, તેના પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપીને બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધવા અને ત્યારબાદ બદનામ કરવાના ઈરાદે સોશિયલ મીડિયા પર ફોટા વાયરલ કરવા અંગે દોઢસો ફુટ રોડ પરના | આંબેડકરનગર શેરી નં ૯માં રહેતો રાહુલ રમેશભાઈ દવેરા નામના શખ્સ સામે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.
ભોગ બનનાર મહિલાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે આરોપી રાહુલ રમેશ દવેરા મહિલાના ઘરમાં રાત્રિના સમયે ઘૂસી, તેના પુત્રનો જીવ જોખમમાં મૂકવાની ધમકી આપી પ્રથમ વખત દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ તેને પત્નીની જેમ રાખવાનો વાયદો કરી, અલગ-અલગ જગ્યાએ રાખી અવારનવાર શારીરિક શોષણ કર્યું હતું. બાદ તેણીને અવાર નવાર મારકૂટ કરતો હોય જેથી તેણી તેના માતા-પિતાના ઘરે રહેવા ગઈ, ત્યારે પણ આરોપીએ ફોન પર હેરાનગતિ ચાલુ રાખી હતી. સમાજના આગેવાનો દ્વારા સમજૂતી કરાર કરાવ્યા બાદ પણ આરોપી સુધર્યો ન હતો. બાદ તેણે મહિલાના અંગત ફોટા અને મોબાઈલ નંબર ઈન્સ્ટાગ્રામ (Rahul ૩૭૩૭) આઈડી પર વાયરલ કરી પીડિતાને ગંભીર માનસિક ત્રાસ આપ્યો હોવાનું જણાવતા તાલુકા પોલીસ મથકના પીઆઈ મેઘાણી સહિતના સ્ટાફ આરોપી સામે દુષ્કર્મ, ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

# ગોંડલનાં સાજડિયાળી ગામે વીજ કરંટ લાગતા 35 ઘેટાંનાં મોત

## વીજ તંત્રની ઘોર બેદરકારીઃ JETCO સબ-સ્ટેશનની બહાર કરંટ લાગવાથી ઘેટાંના કમકમાટીભર્યા મોત







**સિટી ન્યૂઝ@ગોંડલ**

ગોંડલના સાજડિયાળી અને મોટા સખપર સીમ વિસ્તારમાં આવેલ JETCO સબ-સ્ટેશનની બહાર એક અત્યંત કરુણ અને આઘાતજનક ઘટના સામે આવી છે. સબ-સ્ટેશનની દિવાલ બહાર અર્થીંગ માટે રાખવામાં આવેલા ખુલ્લા વાયર અને લોખંડની પ્લેટમાં લાઈવ કરંટ ઉતરતા, માલધારી હરેશભાઈ આજારા ના ૩૫ થી વધુ ઘેટાંના ઘટનાસ્થળે જ તરફડિયા મારીને મોત નિપજ્યા છે.સ્થાનિકો દ્વારા કરવામાં આવેલા આક્ષેપ મુજબ, આ ખુલ્લી પ્લેટ અંગે અગાઉ બે વાર PGVCL કચેરીમાં લેખિત રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતાં, તંત્રની ઘોર બેદરકારી અને લાપરવાહીને કારણે આ મોટી દુર્ઘટના સર્જાઈ છે.ઘટનાની જાણ થતા જજિલ્લા પંચાયત સદસ્ય પ્રતિનિધિ ભરતભાઈ ચોવટીયા સુલતાનપુર પોલીસ પી. આઈ. ખાચર તેમજ પોલીસ કાફલો, FSL ટીમ, પશુ ડોક્ટરો અને PGVCLના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ મામલે કાર્યપાલક ઈજનેર પી.એસ. ધુલિયાએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આવી એલ્યુમિનિયમ પટ્ટી PGVCL દ્વારા વાપરવામાં આવતી નથી, તેથી આ અર્થીંગ કોણે કર્યું તેની સઘન તપાસ કરીને જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.,વહીવટી તંત્ર દ્વારા મૃત ઘેટાં દીઠ રૂ. ૩,૦૦૦ની સહાય ચૂકવવાની જાહેરાત કરવામાં આવી છે.

# હુડકો ચોકડી પાસેથી ચોરાઉ ઍક્સેસ સાથે શખ્સ ઝડપાયો

## આજીડેમ પોલીસે કોઠારિયા રોડ પર રહેતાં શખ્સને દબોચી વાહન કબ્જે કર્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

હુડકો ચોકડી પાસેથી કોઠારીયા રોડ પાસે આવેલ મફતિયાપરામાં રહેતા વિજય કુકડીયાને આજીડેમ પોલીસે ચોરાઉ ઍક્સેસ સાથે પકડી પાડી કાર્યવાહી કરી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢી કાર્યવાહી કરવા સૂચના આપી હોય જે અંતર્ગત આજીડેમ પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એન. પટેલના માર્ગદર્શન હેઠળપીએસઆઈ વી.જી.ડોડીયાની રાહબરી હેઠળ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હોય દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી હતી કે, કોઠારીયા રોડ પર આવેલ હુડકો ચોકડી પાસે ચોરાઉ ઍક્સેસ સાથે શખસ ઊભો છે. પોલીસે બાતમીના આધારે શંકાસ્પદ શખ્સને પકડી તેની પાસે રહેલ ઍક્સેસના આધાર પુરાવા માંગતા શખસ સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો.પોલીસે સઘન પૂછપરછ કરતા આ એક્સેસ ચોરાઉ હોવાનું અને પોતાનું નામ



વિજય રઘુ કુકડીયા(ઉ.વ. ૨૭) (રહે જયનગર મફતીયા પરા શેરી નંબર ૦૧, કોઠારીયા મેન રોડ)જણાવ્યું હતું. પોલીસે રૂ.૫૦ હજારનું એક્સેસ કબજે કરી શખસ વિરુદ્ધ કાર્યવાહી કરી હતી.

# ગોપાલે નીશીને આલીંગનમાં લીધી, બંન્નેના શ્વાસની ઝડપ એકદમ વધી ગઈ જાણે હૃદય ફાટી બહાર નીકળી જશે




ગોપાલ અઢી વર્ષ પછી જેલની બહાર નીકળ્યો હતો. જેલમાં ઘણી રાતો તેણે નિશીના વિચારમાં પસાર કરી હતી. આમ તો જેલમાં રહેલા તમામ કેદીની સ્થિતિ એક જ સરખી હોય છે. આ બાજુ નિશીની સ્થિતિ પણ એવી જ હતી. તેણે પણ અનેક રાત પડખાં ફેરવીને એકલા પસાર કરી હતી. કેટલાય દિવસો એકલામાં રોઈ રોઈને વીતાવ્યા હતા; પણ તે જ્યારે જ્યારે જેલ પર ગોપાલને મળવા જતી, ત્યારે તેણે આ અંગે કોઈ ફરિયાદ કરી નહોતી.ગોપાલની રજાનો પહેલો દિવસ તો મમ્મી, પપ્પા અને નિશી સાથે વાત કરતાં પસાર થઈ ગયો. ગોપાલ નિશીને એકલામાં મળવા ઉત્સુક હતો, પણ ઘરમાં એવો માહોલ જ નહોતો કે, દિવસ દરમિયાન તેમને એકાંત મળે. નિશી રસોડામાં કામ કરતી હોય, તો પણ ગોપાલનું ધ્યાન એની તરફ જ રહેતું. નિશીને એવી ખબર પણ હતી કે, ગોપાલ મારી તરફ જોઈ રહ્યો છે; તે પણ ક્યારેક પાછળ ફરીને ગોપાલને આંખ મારી લેતી. આમ તે બંનેનો પ્રેમ એક બીજાનાં સ્પર્શ વગર પણ વ્યક્ત થઈ રહ્યો હતો.પપ્પાને જેવા સમાચાર મળ્યા કે, ગોપાલ આવી ગયો છે; પપ્પા પણ તરત પાછા આવી ગયા હતા. તે પણ ગોપાલને ભેટીને રડી પડ્યા હતા. સાંજે ગોપાલ અને નિશીને ઘરની પાસે આવેલા ખોડિયાર મંદિરમાં દર્શન કરવા મમ્મી લઈ ગઈ. જાણે ગોપાલ વિદેશથી આવ્યો હોય, તેવો હરખ મમ્મીને હતો. પાડોશીએ ગોપાલને પહેલી વખત જોયો હતો. એક પાડોશીએ ગોપાલની મમ્મીને પૂછ્યું, “આ કોણ?”મમ્મીએ જવાબ આપ્યો, “મારો દિકરો છે. ગોપાલ.”મમ્મી હવે અનુભવથી શીખી ગઈ હતી કે, કેવો પ્રશ્ન પુછાશે અને કેવો જવાબ આપવાનો! તેણે તરત કહ્યું, “ગોપાલ મુંબઈ રહે છે. એક કંપનીમાં મેનેજર છે.”ગોપાલ અને નિશીએ મમ્મી સામે જોયું. ગોપાલને લાગ્યું કે, મમ્મી હવે બહુ કોન્ફિડન્સથી ખોટું બોલી શકે છે. પહેલાં એની મમ્મી આવી નહોતી. કદાચ તેને પરિસ્થિતિએ જ હિંમતવાન બનાવી હશે. મમ્મીએ પણ મન બનાવી લીધું હતું કે, હવે દિકરા માટે સમાજ સામે લડવું પડે તો લડી લઈશ. રડીરડીને રહીશું તો લોકો રડાવ્યા જ કરશે.રાત્રે જમ્યા પછી ગોપાલ અને નિશી પોતાના રૂમમાં ગયાં. મમ્મીએ ટકોર કરી, “બહુ વાતો ન કરતાં. જલદી સૂઈ જજો.”નિશીએ “હા મમ્મી” કહી દરવાજો બંધ કર્યો. ગોપાલે તેને એકદમ પોતાના બાહુપાશમાં લીધી. બંનેના શ્વાસ ધમણની જેમ ચાલવા લાગ્યા. તેમને લાગ્યું કે, તેમનું હૃદય ફાટીને બહાર નીકળી જશે! નિશીની આંખો બંધ હતી. મમ્મીએ કહ્યું હતું કે, બહુ વાતો ન કરતાં; પણ ખરેખર એમ જ બન્યું. બંને વચ્ચે કોઈ સંવાદ જ ન થયો છતાં તેમણે ઘણી વાતો કરી લીધી હતી! એવું બંનેને લાગી રહ્યું હતું.સવારે મમ્મીએ દરવાજો ખખડાવ્યો અને કહ્યું, “નિશી બેટા, ઊઠ. ચા થઈ ગઈ છે.”મમ્મીનો અવાજ સાંભળીને નિશી સફાળી જાગી. એણે સામેની દિવાલ પર ટાંગેલી ઘડિયાળમાં જોયું. સવારના સાડાઆઠ વાગી રહ્યા હતા. તે એકદમ બેઠી થઈ. અત્યાર સુધીમાં તે આટલી મોડી તો ક્યારેય ઊઠી નહોતી. તેણે બાજુમાં જોયું. ગોપાલ હજી સૂઈ જ રહ્યો હતો. તેણે બાજુમાં પડેલી ચાદર ગોપાલને ઓઢાડી. ઘડીક તો એ ગોપાલના ચહેરા સામે જોઈ જ રહી. સૂઈ રહેલો ગોપાલ તેને એકદમ નિર્દોષ અને ખૂબ વહાલો લાગી રહ્યો હતો. તેણે ગોપાલના માથા પર અને ગાલ પર હાથ ફેરવ્યો.ફટાફટ ઊભી થઈ મોઢું ધોઈને બહાર આવી. મમ્મીએ પૂછ્યું, “ગોપુ ઊઠ્યો?”નિશી કહ્યું, “ના, હજી તો એ ઊંઘે જ છે.”મમ્મીએ કહ્યું, “સારુ ત્યારે, ઊંઘવા દે એને.”સવારે ગોપાલ ઊઠ્યો એટલે એની સામે ગરમ ગરમ ચા અને ગરમ ગરમ નાસ્તો હતો. ગોપાલને થોડીક વાર તો લાગ્યું કે, ચા અને નાસ્તો ખરેખર તેની સામે છે? કે કોઈ સ્વપ્ન જોઈ રહ્યો છે? કારણ કે જેલમાં તો આવી ચા અને નાસ્તો લગભગ અશક્ય જ હતો. તેણે ચાનાસ્તો કર્યાં અને તૈયાર થયો. તેણે નિશીને કહ્યું, “બહાર જઈને આવું છું.”ગોપાલનું આ વાક્ય સાંભળતાં જ ગોપાલની મમ્મીને ફાળ પડી. તેણે ચિંતાના સૂરમાં પૂછ્યું, “ક્યાં જાય છે બેટા?”“મમ્મી, કલાકમાં આવી જઈશ.”ગોપાલે કહ્યું.મમ્મી એની એકદમ નજીક આવી. તેના ચહેરા પર ચિંતા હતી. તેણે ગોપાલના માથા પર હાથ ફેરવતાં કહ્યું, “બેટા, માઠું ન લાગે તો એક વાત કરું.”ગોપાલે મમ્મી સામે જોયું. મમ્મીએ કહ્યું, “બેટા, કોઈ એવા ખોટા માણસ કે ભાઈબંધને મળતો નહીં. જેના કારણે આપણી બધાની મુશ્કેલી વધે.”ગોપાલ જેલમાં હોવાને કારણે મમ્મીને ભાતભાતના ખોટા વિચારો આવતા હતા. ગોપાલે મમ્મીને પોતાની પાસે બેસાડી અને કહ્યું, “મમ્મી, ભૂલ જીવનમાં એક જ વખત થાય. ફરી ભૂલ કરે તો એને ગધેડો કહેવાય. મમ્મી, હું તારો ગોપાલ છું. ગધેડો નથી. ચિંતા કરીશ નહીં. તને જે ડર છે, એમાંનું હું કંઈ જ નહીં કરું.”મમ્મીએ કહ્યું, “એક મિનિટ. ઊભો રહે.”તે રસોડામાં ગઈ અને પર્સ લઈ આવી. તેમાંથી પાંચસો રૂપિયા કાઢ્યા અને ગોપાલનાં શર્ટનાં ખિસ્સામાં મૂકતાં કહ્યું, “રાખ. તારે જરૂર પડશે.”ગોપાલને વિચાર આવ્યો કે, મમ્મી કેવી રીતે બોલ્યા વગર પણ મારાં મનની વાત જાણી લેતી હશે! ગોપાલ ઘરેથી નીકળી પોતાની જૂની ઑફિસે ગયો અને ત્યાં જૂના મિત્રોને મળ્યો. જોકે તેને લાગ્યું કે, મિત્રો આગળ પોતાના જેલવાસની વાત છુપાવવાનો કોઈ અર્થ નથી. તેણે મિત્રો સામે બધી જ સાચી વાત કહી દીધી. ઘણા મિત્રો તો માનવા પણ તૈયાર નહોતા કે, ગોપાલ આવું કરી શકે. ગોપાલ જેલમાંથી આવ્યો છે; એવી ખબર પડ્યા પછી ઘણા મિત્રો ગોપાલ સામે અલગ જ દૃષ્ટિથી જોવા લાગ્યા. ગોપાલ જાણે કોઈ મોટો ડોન હોય! એ રીતે તેઓ એની સામે જોતા હતા.ગોપાલના ત્રણ ચાર કલાક ક્યાં પસાર થઈ ગયા, એની ગોપાલને ખબર જ પડી નહીં. તે બપોરે ઘરે આવ્યો ત્યારે મમ્મી અને નિશી તેની રાહ જોતાં હતાં. તેઓ હજી જમ્યાં પણ નહોતાં. મમ્મીએ ગોપાલને ભાવતી સુખડી બનાવી હતી અને નિશીએ ભજિયાં બનાવ્યાં હતાં. જમ્યા પછી નિશી અને ગોપાલ પોતાના રૂમમાં ગયા.ગોપાલ કોને મળ્યો? કોની સાથે શું વાત કરી? એ બધી વિગત નાનાં બાળકની જેમ નિશીને કહેવા લાગ્યો. ગોપાલનો પહેલાંથી જ આ સ્વભાવ હતો. પહેલાં પણ ગોપાલ રાત્રે ઘરે આવે એટલે આખા દિવસની બધી જ વાત નિશીને કરતો. સ્કૂલેથી ઘરે આવ્યાં પછી બાળક જેમ મમ્મીને બધી વાત કરે, એવી રીતે ગોપાલ નિશી સાથે વાતો કરવા લાગ્યો. ગોપાલની વાત સાંભળતાં સાંભળતાં, થાકેલી નિશી ક્યારે સૂઈ ગઈ એની ગોપાલને પણ ખબર પડી નહીં. પછી ગોપાલ પણ સૂઈ ગયો.તેની આંખ ખુલી ત્યારે સાંજના પાંચ વાગ્યા હતા. તે ઊઠીને બહાર આવ્યો. નિશીએ ચા મૂકી. ગોપાલ નિશીને કંઈક ઈશારો કરી રહ્યો હતો; પણ નિશી તેના ઈશારાને સમજી રહી નહોતી. છ વાગ્યા એટલે મમ્મીએ પૂછ્યું, “બોલ ગોપાલ, સાંજે શું જમવું છે?”ગોપાલે નિશી સામે જોયું. થોડીવાર વિચાર કરીને કહ્યું, “મમ્મી, નિશીને બહાર જમવા જવાની ઈચ્છા છે. એવું એ મને કહેતી હતી.”નિશીના ચહેરા પર એકદમ આશ્ચર્ય દોડી આવ્યું. તેને યાદ જ ન આવ્યું કે, તેણે ક્યારે બહાર જમવાની વાત કરી! નિશી કંઈક બોલવા જતી હતી. ગોપાલે એને ચૂપ રહેવાનો ઈશારો કર્યો. મમ્મીએ કહ્યું, “અરે, એમાં પૂછવાનું શું? તમતમારે જઈ આવો. કેટલાં વર્ષે મારો ગોપુ બહાર જમવા જશે!”લગભગ સાત વાગ્યે ગોપાલ અને નિશી બહાર નીકળ્યાં. નિશી પાસે સ્કૂટી હતું. નિશીએ પૂછ્યું, “તું ચલાવીશ કે હું?”ગોપાલ જાણે પ્લેન ચલાવવાનો હોય એમ તેણે કહ્યું, “અરે, હું જ ચલાવીશ.”તે ઘણા સમય પછી સ્કૂટી ચલાવી રહ્યો હતો. જેના કારણે થોડી થોડી વારે એનું બેલેન્સ ડગી જતું હતું. ગોપાલની પાછળ તેનો ખભો પકડીને બેઠેલી નિશીએ કહ્યું, “પાડતો નહીં હોં. સાચવીને ચલાવજે.”ગોપાલને સ્કૂટી ચલાવવાની મજા આવી રહી હતી. તેઓ રાણીપથી નીકળી રિંગરોડ પર આવ્યાં. પ્રગતિનગર ચાર રસ્તા થઈને તેઓ આગળ વધી રહ્યાં હતાં. નિશીએ પૂછ્યું, “આપણે ક્યાં જઈ રહ્યાં છીએ?”ગોપાલે સ્કૂટી ચલાવતાં ચલવતાં કહ્યું, “મને પણ ખબર નથી. ક્યાં જઈએ?”રસ્તે પસાર થતી સ્કૂટરવાળી છોકરીઓને ગોપાલ ક્યારેક ત્રાંસી આંખે જોઈ લેતો હતો. તે માની રહ્યો હતો કે, નિશીને ખબર નથી. નિશીએ એનો ખભો દબાવતાં કહ્યું, “બહુ થયું તારું ઝાંખવાનું.”પોતે એકદમ પકડાઈ ગયો હોય તેવું ગોપાલને લાગ્યું. તેને સમજાયું નહીં કે, પાછળ બેઠેલી નિશીને આ કેવી રીતે ખબર પડી? ગોપાલ પોતાના બચાવમાં કંઈક દલીલ કરે તે પહેલાં જ નિશીએ કહ્યું, “મને સાઈડ મિરરમાં બધું જ દેખાય છે કે, તારી નજર ક્યાં ક્યાં ફરી રહી છે.”શિવરંજની ચાર રસ્તાથી ગોપાલે સ્કૂટી ડાબી તરફ વાળ્યું. ઝાંસીની રાણી, નહેરુનગર અને આંબાવાડી ચાર રસ્તા પાર કરીને તેણે સ્કૂટી એકદમ ઊભું રાખ્યું. ગોપાલે કહ્યું, “ઉતર.”નિશીએ આશ્ચર્યથી પૂછ્યું, “અહીંયા! કેમ?”ગોપાલે એક બોર્ડ તરફ ઈશારો કર્યો. તેની પર લખ્યું હતું, પરિમલ ગાર્ડન. નિશીએ ગોપાલની સામે જોયું અને બંને હસી પડ્યા. આ તેમની મળવાની જૂની જગ્યા હતી. (ક્રમશઃ)



પ્રશાંત દયાળ

## Ride for Youth હેઠળ શાળા–કોલેજોમાં જાગૃતિ કાર્યક્રમો

# રાજકોટમાં NO DRUGS CAMPAIGNનો પ્રારંભ

## હજારો વિદ્યાર્થીઓને વ્યસનમુક્તિનો સંદેશ







## DCP, સંતો અને શિક્ષણજગતના અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

યુવાનો દેશનું ભવિષ્ય છે અને તેમની શક્તિ જ રાષ્ટ્રની સૌથી મોટી સંપત્તિ છે. પરંતુ આજના સમયમાં ડ્રગ્સનું વધતું દૂષણ અનેક યુવાનોના જીવનને અંધકાર તરફ ધકેલી રહ્યું છે. આ ગંભીર સામાજિક પડકાર સામે યુવાનોને જાગૃત કરી વ્યસનમુક્ત જીવન તરફ પ્રેરિત કરવાના ઉદ્દેશ્ય સાથે છેલ્લા ૧૩ વર્ષથી યુવા વિકાસ અને સામાજિક ક્ષેત્રે કાર્યરત ઈન્વિન્સીબલ એનજીઓ દ્વારા રાજયવ્યાપી NO DRUGS CAMPAIGNનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત ૨૯ જૂનથી ૧૦ જુલાઈ દરમિયાન Ride for Youthનું આયોજન કરવામાં આવ્યું છે. ૩૨ સભ્યોની સમર્પિત ટીમગુજરાતના સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર, દ્વારકા, પોરબંદર, સોમનાથ, સાસણ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, બોટાદ અને અમદાવાદ સહિતના શહેરોમાં જઈને ૨૫૦થી વધુ શાળા, કોલેજ અને યુનિવર્સિટી કેમ્પસમાં ડ્રગ્સ વિરોધી જનજાગૃતિ અભિયાન ચલાવી રહી છે. આ અભિયાન દ્વારા હજારો વિદ્યાર્થીઓ સુધી પહોંચી તેમને વ્યસનમુક્ત જીવનનો સંદેશ આપવામાં આવી રહ્યો છે અને “નશામુક્ત યુવા  સશક્ત ભારત”ના સંકલ્પને જનઆંદોલનનું સ્વરૂપ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આજે Ride for Youthની ટીમ રાજકોટ શહેરમાં પહોંચી, જ્યાં શહેરની વિવિધ શાળાઓ અને કોલેજોમાં ડ્રગ્સ વિરોધી જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે સંવાદ, પ્રેરણાત્મક સેમિનાર, ડ્રગ્સના શારીરિક, માનસિક અને સામાજિક દુષ્પ્રભાવો અંગે માર્ગદર્શન તેમજ વ્યસનમુક્ત જીવન જીવવા માટેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી. રાજકોટના આ રાઈડ અંતર્ગત મુખ્ય કાર્યક્રમનું આયોજન આત્મીય યુનિવર્સિટી ની સહભાગીદારી સાથે કરવામાં આવ્યો હતો જેની અંદર ત્યાગવલ્લભ સ્વામીજી  , ડી.સી.પી. શ્રી જગદીશ બાંગરવાજી, રાજકોટ એસ .ઓ.જી, ટીમે હાજરી આપી, અને માર્ગદર્શન આપ્યું હતું.




રાજકોટ શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં યોજાયેલા આ કાર્યક્રમોમાં સત્યપ્રકાશ સ્કૂલ, ધ ક્રિષ્ના સ્કૂલ, સદગુરુ મહિલા કોલેજ, સર્વોદય સ્કૂલ, જસાની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, આત્મીય યુનિવર્સિટી, AMP ગોવેર્નમેન્ટ લો કોલેજ, આઇટીઆઇ રાજકોટ, શ્રી શુભમ સ્કૂલ, મુરલીધર હાઈસ્કૂલ, આર કે યુનિવર્સિટી, નોબેલ સ્કૂલ, પી અને બી ઓરિએન્ટલ સ્કૂલ, ભૂષણ સ્કૂલ, ૐ શાંતિ સ્કૂલ, તથા એક સિટી રેડ નું પણ આયોજન કરવામાં આવ્યો હતું. ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ઈન્વિન્સીબલ એનજીઓની ટીમે વિદ્યાર્થીઓને સંદેશ આપ્યો કે ડ્રગ્સ સામેની લડાઈ માત્ર કાયદાની નહીં પરંતુ સમગ્ર સમાજની જવાબદારી છે. દરેક યુવાન પોતાના જીવનમાં યોગ્ય નિર્ણય લઈ અને અન્ય લોકોને પણ જાગૃત કરે તો ડ્રગ્સ મુક્ત ગુજરાત અને ડ્રગ્સ મુક્ત ભારતનું સ્વપ્ન ચોક્કસ સાકાર થઈ શકે છે.





# મેઘરાજાને મનાવવા માટે વેરાવળના વેપારીઓની સોમનાથ સુધી પદયાત્રા

## 26 વર્ષની પરંપરા જાળવી 7 કિમી ચાલ્યા, સારા વરસાદ માટે પ્રાર્થના

**સિટી ન્યૂઝ@ગીર સોમનાથ**
**રવિ ખખ્ખર**



સમગ્ર ગુજરાત સહિત ગીર સોમનાથ જિલ્લામાં વરસાદના વિલંબને કારણે વેરાવળ જથ્થાબંધ અનાજ-કરિયાણા વેપારીઓએ સોમનાથ મંદિર સુધી પદયાત્રા યોજી મેઘરાજાની કૃપા વરસાવવા માટે આ ધાર્મિક પરંપરા જાળવવામાં આવી હતી. વેરાવળના વખરીયા બજારથી શરૂ થયેલી આ પદયાત્રા આશરે સાત કિલોમીટરનું અંતર કાપી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં સમાપ્ત થઈ હતી. વેરાવળ જથ્થાબંધ અનાજ-કરિયાણા વેપારી મંડળ દ્વારા આયોજિત આ પદયાત્રા છેલ્લા ૨૬ વર્ષથી નિયમિતપણે યોજાય છે. વેપારીઓના મતે, વરસાદ ખેંચાય ત્યારે ભગવાન સોમનાથને પ્રાર્થના કરીને મેઘરાજાને મનાવવામાં આવે છે. સારો અને સમયસર વરસાદ વરસે ત્યારે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે આભાર પદયાત્રા પણ યોજાય છે.

આ વર્ષે વરસાદમાં વિલંબ થતાં વેપારી મંડળના પ્રમુખ અશોક ગદાનીની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં વેપારીઓ પદયાત્રામાં જોડાયા હતા. યાત્રા દરમિયાન વેપારીઓએ રામધૂન અને ભગવાન શિવના જયઘોષ કર્યા હતા. માર્ગમાં અનેક સ્થળોએ સ્થાનિક લોકોએ યાત્રાળુઓનું સ્વાગત કર્યું હતું. વેપારીઓએ સોમનાથ મહાદેવના દર્શન કરી સમગ્ર ગીર સોમનાથ સહિત રાજ્યભરમાં સારો વરસાદ વરસે તેવી પ્રાર્થના કરી હતી. તેમણે ખેડૂતોના ખેતરો લીલાછમ બને, જળાશયો છલકાય અને સર્વ સમાજ સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત કરે તેવી કામના કરી હતી. વેરાવળના વેપારીઓની આ પદયાત્રા માત્ર ધાર્મિક વિધિ પૂરતી મર્યાદિત નથી. તે વર્ષો જૂની સામૂહિક આસ્થા, સામાજિક સંકલન અને પ્રકૃતિ પ્રત્યેની શ્રદ્ધાનું પ્રતિક બની ગઈ છે. દર વર્ષે મોટી સંખ્યામાં વેપારીઓ સ્વયંભૂ રીતે તેમાં જોડાઈ પરંપરા જાળવી રાખે છે, જે શહેરની આગવી ઓળખ બની છે.



# સદ્ગત હેમીબેન પોકરના ચક્ષુદાનથી બે લોકોને મળશે નવી દ્રષ્ટિ

## અર્હમ ફાઉન્ડેશનની ટીમ દ્વારા સફળતાપૂર્વક ચક્ષુદાન પ્રક્રિયા પૂર્ણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પોકર પરિવારના સ્વ.હેમીબેન મોહનભાઈ પોકર ઉ.વ. ૮૫ સ્વર્ગવાસ થતા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી તેમજ મહાવીર ઈમીટિશનના અતુલભાઈ મહેતાના પ્રયાસથી પોકર પરિવારના શ્રી મનજીભાઈ મોહનભાઈ પોકર, શ્રી રોહીતભાઈ મનજીભાઈ પોકર, શ્રી શૈલેસભાઈ મનજીભાઈ પોકરે સ્વ.હેમીબેન મોહનભાઈ પોકરના બન્ને ચક્ષુઓનું દાન કરવાનો સમાજ ઉપયોગી નીર્ણય લીધો હતો. ચક્ષુદાનમાં અર્હમ ફાઉન્ડેશનના આંખના સર્જન ડો. ધર્મેશભાઈ શાહ તેમજ તેમની ટીમ દ્વારા સેવા અર્પણ કરવામાં આવેલ હતી. આ તકે ૨ વ્યક્તિઓના જીવનમાં પ્રકાશની રોશની પથરાશે. પોકર પરિવાર તરફથી ચક્ષુદાન કરવાનો નીર્ણય સમાજ માટે પ્રેરણા સમાન છે. મહાવીર ઈમીટિશનના અતુલભાઈ મહેતા તેમજ શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીને સેવાની તક આપવા બદલ પોકર પરિવારનો માન્યો હતો. આપના ઘરે આવતા પ્રસંગોમાં જન્મદિવસ નિમિત્તે કે કોઈ વ્યક્તિના સ્મૃતિરૂપ દિવસ નિમિત્તે તથા અન્ય પ્રસંગોપાત રકતદાન કેમ્પનું પણ આયોજન કરો તો આ તકલીફનું આંશીક નિવારણ થઈ શકે તેમજ રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે રક્તદાન કેમ્પ, ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન તેમજ કોઈપણ જીવદયાના સેવાના કાર્ય માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી 94282 00660 સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.



# CGST ભવનના સ્થાપના વર્ષ નિમિત્તે રક્તદાન કેમ્પ

## શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**



પ્રવર્તમાન ઉનાળાની ગરમીની સીઝનમાં રકતની જરૂરીયાત ઉભી થઈ છે. સીવીલ હોસ્પિટલનાં જરૂરીયાતમંદ દર્દીઓ માટે નિશુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રનાં દર્દીઓ નિશુલ્ક સારવાર માટે આવે છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારનાં બ્લડ ગ્રુપની તાતી જરૂરીયાત છે ત્યારે CGST ભવનનાં ૯ માં વર્ષમાં પ્રવેશ નિમિતે સેન્ટ્રલ ગુડઝ એન્ડ સર્વિસ ટેકસ ભવન રાજકોટ દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી રકતદાન કેમ્પ યોજાયો હતો. રકતદાન કેમ્પમાં ૩૯ લોકોએ રક્તદાન કરી માનવતા મહેકાવી રક્તદાન કેમ્પમાં સેન્ટ્રલ ગુડઝ એન્ડ સર્વિસ ટેકસ ભવન રાજકોટના કમિશ્નર વી.શિવકુમાર તથા આસીસ્ટન્ટ કમિશ્નરે પણ રક્તદાન કર્યું હતું.

**39 લોકોએ કર્યું રક્તદાન**

આપના ઘરે આવતા પ્રસંગોમાં જન્મદિવસ નિમિત્તે કે કોઈ વ્યક્તિના સ્મૃતિરૂપ દિવસ નિમિત્તે તથા અન્ય પ્રસંગોપાત રકતદાન કેમ્પનું પણ આયોજન કરો તો આ તકલીફનું આંશીક નિવારણ થઈ શકે તેમજ રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે રક્તદાન કેમ્પ, ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન તેમજ કોઈપણ જીવદયાના સેવાના કાર્ય માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી 94282 00660 સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# રૂખડિયા ફાટકના બ્લોકથી રાજકોટ સ્ટેશન પર ટ્રેનોના પ્લેટફોર્મ બદલાશે

## » 1 અને 2 જુલાઈએ અનેક ટ્રેનો પ્લેટફોર્મ નં. 2 પરથી દોડશે; મુસાફરોને અગાઉથી માહિતી મેળવી સ્ટેશન પહોંચવા અપીલ

સિટી ન્યૂઝ@રાજકોટ

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા રૂખડિયા ફાટક સ્થિત લેવલ ક્રોસિંગ ગેટ નં. ૧૨૫ પર જરૂરી એન્જિનિયરિંગ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ કામગીરીને ધ્યાનમાં રાખીને ૧ જુલાઈથી ૨ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન કુલ ૨૩ કલાકનો ટ્રાફિક અને એન્જિનિયરિંગ બ્લોક લેવામાં આવશે. આ બ્લોક દરમિયાન ટ્રેન વ્યવહાર સુચારુ રહે અને મુસાફરોને ઓછામાં ઓછી અસુવિધા થાય તે માટે રાજકોટ રેલવે સ્ટેશન પર કેટલીક ટ્રેનોના પ્લેટફોર્મમાં કામચલાઉ ફેરફાર કરવામાં આવ્યો છે.

બ્લોક દરમિયાન સામાન્ય રીતે પ્લેટફોર્મ નં. ૪ અને પ્લેટફોર્મ નં. ૩ પરથી સંચાલિત થતી અનેક ટ્રેનો હવે પ્લેટફોર્મ નં. ૨ પરથી દોડશે. આ ફેરફાર તાત્કાલિક છે અને કામગીરી પૂર્ણ થયા બાદ ફરીથી નિયમિત વ્યવસ્થા શરૂ કરવામાં આવશે. જ્યારે ટ્રેન નં. ૨૨૯૫૮ વેરાવળગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ (૨ જુલાઈ) પ્લેટફોર્મ નં. ૩ના બદલે પ્લેટફોર્મ નં. ૧ પરથી ઉપડશે, જેથી મુસાફરોને ખાસ ધ્યાન રાખવાની જરૂર રહેશે. પ્લેટફોર્મ નં. ૨ પરથી દોડનારી ટ્રેનોમાં ઓખા-નાથદ્વારા એક્સપ્રેસ, વેરાવળ-બાંદ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ, ઓખા-ભાવનગર એક્સપ્રેસ, ઓખા-પુરી સુપરફાસ્ટ, વેરાવળ-ઓખા એક્સપ્રેસ, રાજકોટ-સિકંદરાબાદ સુપરફાસ્ટ, જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ, વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ, પોરબંદર-શાલીમાર સુપરફાસ્ટ, વેરાવળ-જબલપુર એક્સપ્રેસ, ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ, વેરાવળ-સાબરમતી વંદે ભારત, હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો, હાપા-મડગાંવ એક્સપ્રેસ, વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસ અને પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસનો સમાવેશ થાય છે. આ તમામ ટ્રેનો માટે મુસાફરોને પ્લેટફોર્મ બદલાવ અંગે ખાસ સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. પશ્ચિમ રેલવેએ મુસાફરોને મુસાફરી પહેલાં NTES (નેશનલ ટ્રેન ઈન્ક્વાયરી સિસ્ટમ), રેલવે પૂછપરછ સેવા, રેલવે હેલ્પલાઈન અથવા સ્ટેશનના નોટિસ બોર્ડ પરથી પોતાની ટ્રેનના પ્લેટફોર્મ અંગેની નવીનતમ માહિતી મેળવી લેવા અપીલ કરી છે. ઉપરાંત, મુસાફરોને સમય કરતાં વહેલા સ્ટેશન પર પહોંચવા અને જાહેરાતો પર ધ્યાન આપવા પણ સૂચના આપવામાં આવી છે, જેથી કોઈ ગેરસમજ અથવા વિલંબ ટાળી શકાય. રેલવે તંત્રે જણાવ્યું છે કે મુસાફરોની સુવિધા માટે સ્ટેશન પર પૂરતી જાહેરાતો, માર્ગદર્શન અને સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવશે. પ્લેટફોર્મ બદલાવ અંગે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવશે જેથી મુસાફરોને સરળતા રહે. કામગીરી દરમિયાન થતી અસુવિધા બદલ પશ્ચિમ રેલવેએ ખેદ વ્યક્ત કર્યો છે અને મુસાફરોને સહકાર આપવા વિનંતી કરી છે.

## રાજકોટ ડિવિઝને રચ્યો ઈતિહાસ

# વિરમગામ-રાજકોટ-ઓખા રેલવે રૂટ પર 'સ્ટાન્ડર્ડ કવચ' સિસ્ટમ કાર્યરત

સિટી ન્યૂઝ@રાજકોટ

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને રેલવે સુરક્ષાના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરતાં વિરમગામરાજકોટઓખા મુખ્ય રેલવે સેક્શનના ૪૩૪ કિલોમીટર વિસ્તારમાં સ્ટાન્ડર્ડ કવચ (Kavach) સિસ્ટમનું સફળ કમિશનિંગ પૂર્ણ કર્યું છે. આ સાથે સમગ્ર બ્લોક સેક્શન હવે અત્યાધુનિક સ્વદેશી ટ્રેન ટક્કર નિવારણ પ્રણાલીથી સુરક્ષિત બન્યું છે, જે મુસાફરોની સલામતી માટે એક મોટું પગલું માનવામાં આવે છે.

વરિષ્ઠ ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ રેલવે સુરક્ષા, ઓપરેશનલ કાર્યક્ષમતા અને આધુનિક ટેક્નોલોજી આધારિત વિશ્વસનીય રેલ સેવા તરફનું મહત્વપૂર્ણ પગલું છે. તેમણે ઉમેર્યું કે સ્ટાન્ડર્ડ કવચ સિસ્ટમ ટ્રેનો વચ્ચેની સામસામે અને પાછળથી થતી ટક્કર અટકાવવા, અનિયંત્રિત રીતે ટ્રેન પાછળ સરકી જવાની સ્થિતિ રોકવા, ઉભેલી ટ્રેનની સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ



કોઈપણ અસામાન્ય સ્થિતિમાં આપમેળે SOS એલર્ટ મોકલવાની સુવિધા ધરાવે છે, જે રેલવે સુરક્ષાને વધુ મજબૂત બનાવે છે.

ડેપ્યુટી ચીફ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર યોગેશ ગુપ્તાના જણાવ્યા મુજબ સમગ્ર સેક્શન પર કવચ ૪.૦ના ધોરણ મુજબ કુલ ૨,૯૫૦ ટ્રેકસાઈડ RFID ટેગ સ્થાપિત કરવામાં આવ્યા છે, જે સિસ્ટમને વધુ અસરકારક અને વિશ્વસનીય બનાવશે. આ ટેક્નોલોજી ટ્રેનોની ગતિ અને સ્થિતિ પર સતત નજર રાખવામાં મદદરૂપ બને છે.

રેલવે તંત્રના જણાવ્યા મુજબ આ કમિશનિંગ કવચ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનો મહત્વપૂર્ણ ભાગ છે. આગામી તબક્કામાં લોકોમોટિવ, સ્ટેશનો અને સિગ્નલિંગ સિસ્ટમ સાથે સંપૂર્ણ એકીકરણની કામગીરી હાથ ધરાશે, જેથી સમગ્ર નેટવર્ક વધુ સ્માર્ટ અને સુરક્ષિત બની શકે. રાજકોટ ડિવિઝનમાં ડિસેમ્બર ૨૦૨૬ સુધી તબક્કાવાર સંપૂર્ણ કવચ પ્રણાલી અમલમાં મૂકવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જે રેલવેના આધુનિકીકરણ તરફનું મહત્વપૂર્ણ પગલું છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે વિરમગામરાજકોટઓખા સેક્શન પર સ્ટાન્ડર્ડ કવચ સિસ્ટમનું સફળ કમિશનિંગ રાજકોટ ડિવિઝન માટે ઐતિહાસિક ઉપલબ્ધિ છે. તેમણે જણાવ્યું કે આ પ્રણાલી રેલવે અકસ્માતો અટકાવવામાં, સુરક્ષા વધારવામાં અને મુસાફરોને વધુ વિશ્વસનીય તથા સુરક્ષિત સેવા પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, જે ભવિષ્યમાં રેલવે માટે નવા માપદંડ સ્થાપિત કરશે.

**434**
**કિમી મુખ્ય રેલવે સેક્શન સુરક્ષા કવચ હેઠળ; ડિસેમ્બર-2026 સુધી સંપૂર્ણ કવચ પ્રણાલી લાગુ કરવાનો લક્ષ્યાંક**

### સત્ય માટે સંઘર્ષ કરનાર નિડર અવાજ

# ગ્રાઉન્ડ ઝીરોનો જાંબાજ પત્રકાર કરણ જોગલનો આજે જન્મદિવસ

### હાલ અબતક ચેનલમાં કાર્યરત છે

સિટી ન્યૂઝ@રાજકોટ



લોકોના પ્રશ્નોને વાચા આપવા અને સત્યને ઉજાગર કરવા માટે હંમેશા ગ્રાઉન્ડ ઝીરો પર તત્પર રહેતા અબતક ચેનલના જાણીતા અને નીડર પત્રકાર કરણ જોગલનો આજે જન્મદિવસ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો. કરણ જોગલે પોતાના કાર્યકાળ દરમિયાન નિર્ભય રીતે સમાજના વિવિધ મુદ્દાઓને ઉઠાવીને જનમાનસ સુધી પહોંચાડ્યા છે. તેમની પત્રકારિતામાં સત્ય પ્રત્યેની નિષ્ઠા અને લોકો માટેની લાગણી સ્પષ્ટ જોવા મળે છે. તેઓ હંમેશા મેદાનમાં રહીને હકીકતોને ઉજાગર કરે છે, જેના કારણે તેમને દર્શકોમાં વિશેષ સ્થાન મળ્યું છે. તેમના જન્મદિવસના અવસર પર સહકર્મીઓ, મિત્રો અને ચાહકો દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર પણ તેમના માટે શુભેચ્છાઓનો વરસાદ જોવા મળી રહ્યો છે. જનહિત માટે સતત કાર્યરત રહેનારા કરણ જોગલને તેમના જન્મદિવસ નિમિત્તે સૌ કોઈએ શુભેચ્છાઓ પાઠવી અને તેઓ ભવિષ્યમાં પણ આવી જ નિષ્ઠા સાથે પત્રકારિતા કરતા રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી.




# વરિષ્ઠ ધારાશાસ્ત્રી V.M. પટેલ અમરનાથ યાત્રાએ રવાના

### 3 જુલાઈએ બાબા અમરનાથના દર્શન કરશે, પરિવાર અને મિત્રોએ શુભેચ્છાઓ પાઠવી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી વી.એમ. પટેલ પોતાની ટીમ સાથે આજરોજ વહેલી સવારે ૨:૩૦ વાગ્યે ટ્રેન મારફતે બાબા અમરનાથની પવિત્ર યાત્રા માટે રવાના થયા છે. તેઓ ૩ જુલાઈએ અમરનાથ ગુફામાં બાબા બર્ફાનીના દર્શન કરશે. અમરનાથ યાત્રા માટે રવાના થતાં વી.એમ. પટેલ અને તેમની ટીમને પરિવારજનો, વોકિંગ ગ્રુપના મિત્રો તેમજ શુભેચ્છકોએ શુભ યાત્રા અને સુખદ દર્શનની શુભકામનાઓ પાઠવી હતી. યાત્રા દરમિયાન તેઓના સારા સ્વાસ્થ્ય અને સુરક્ષિત પ્રવાસ માટે પ્રાર્થનાઓ પણ કરવામાં આવી છે.

# રાજકોટમાં ડેપ્યુટી કલેક્ટરની 6 જગ્યાઓ ખાલી, કોંગ્રેસે ઉઠાવ્યા વહીવટી પ્રશ્નો

સિટી ન્યૂઝ@રાજકોટ


તસ્વીર : અક્ષય ગોંડલીયા

### » પ્રાંત કચેરીઓથી ગોંડલ સુધી ઇન્ચાર્જ રાજનો આક્ષેપ; જમીન-મહેસૂલ કેસો અટવાતા કલેક્ટરને આવેદનપત્ર

રાજકોટ જિલ્લામાં ડેપ્યુટી કલેક્ટર અને પ્રાંત અધિકારીઓની ખાલી પડેલી જગ્યાઓને કારણે વહીવટી કામગીરી પર ગંભીર અસર પડી રહી હોવાનો આક્ષેપ કરતાં કોંગ્રેસના આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક નિયમિત નિમણૂકો કરવાની માંગ કરી છે. કોંગ્રેસના જણાવ્યા મુજબ હાલ જિલ્લાના અનેક મહત્વના હોદ્દાઓ ઇન્ચાર્જ અધિકારીઓના ભરોસે ચાલી રહ્યા હોવાથી જમીન, મહેસૂલ અને અન્ય કાયદાકીય કેસોના નિકાલમાં ભારે વિલંબ થઈ રહ્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલાની આગેવાનીમાં પાઠવાયેલા આવેદનમાં જણાવાયું છે કે રાજકોટ શહેરની પ્રાંત અધિકારી-૧, પ્રાંત અધિકારી-૨ અને પ્રાંત અધિકારી-3 સહિતની મહત્વપૂર્ણ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. ઉપરાંત સ્ટેમ્પ ડ્યૂટી મૂલ્યાંકન માટેના ડેપ્યુટી કલેક્ટર તેમજ ગોંડલના ડેપ્યુટી કલેક્ટરની જગ્યા પણ ખાલી હોવાથી સરકારની આવક, દસ્તાવેજોની નોંધણી અને મહેસૂલી કામગીરી પર સીધી અસર પડી રહી છે.

કોંગ્રેસે વધુમાં આક્ષેપ કર્યો છે કે મોટાભાગની કચેરીઓ ઇન્ચાર્જ અધિકારીઓ દ્વારા સંચાલિત થતી હોવાથી અધિકારીઓ પર કામનું ભારણ વધી ગયું છે. પરિણામે મહત્વના નિર્ણયો લેવામાં વિલંબ થઈ રહ્યો છે, સરકારી કચેરીઓમાં ફાઇલોના ઢગલા વધી રહ્યા છે અને સામાન્ય નાગરિકોના કામો સમયસર પૂર્ણ થતા નથી.

કોંગ્રેસે રાજ્ય સરકારને રાજકોટ જિલ્લામાં તમામ ખાલી પડેલી વહીવટી ઉચ્ચ અધિકારીઓની જગ્યાઓ પર નિયમિત નિમણૂકો કરીને વહીવટી પ્રક્રિયાને ઝડપી અને અસરકારક બનાવવા માંગ કરી છે. જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવતી વખતે કોંગ્રેસના ગાયત્રીબા વાઘેલા, અતુલ રાજાણી, અશોકસિંહ વાઘેલા, દિલીપભાઈ આસવાણી, મેઘજીભાઈ રાઠોડ, જસવંતસિંહ ભટ્ટી અને ગૌરવ પૂજારા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સમસ્ત રામાનંદી સાધુ યુવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ તરીકે જીજ્ઞેશ રામાવતની વરણી

સિટી ન્યૂઝ@રાજકોટ

### » સાધુ સમાજના શિક્ષણ, સંસ્કૃતિ અને સામાજિક જાગૃતિ માટે કાર્ય કરવાની વ્યક્ત કરી પ્રતિબદ્ધતા

સમસ્ત રામાનંદી સાધુ યુવા સમાજ ટ્રસ્ટની તાજેતરમાં યોજાયેલી બેઠકમાં ટ્રસ્ટના પ્રમુખ રવિરાજભાઈ રામાવત દ્વારા શ્રી જીજ્ઞેશભાઈ રામાવતને નવા પ્રમુખ તરીકે નિયુક્ત કરવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. બેઠકમાં ઉપસ્થિત સાધુ સમાજના આગેવાનો દ્વારા આ પ્રસ્તાવને સર્વાનુમતે સ્વીકારવામાં આવતા જીજ્ઞેશભાઈ રામાવતની ટ્રસ્ટના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી.

જીજ્ઞેશભાઈ રામાવત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે બાળપણથી જોડાયેલા છે અને સંઘમાં વિવિધ જવાબદારીઓ નિભાવી ચૂક્યા છે. તેઓ હાલમાં રાષ્ટ્રીય સંત સુરક્ષા પરિષદના



ગુજરાત પ્રદેશના યુવા અધ્યક્ષ તરીકે પણ કાર્યરત છે. ઉપરાંત રાજકોટની વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા રહી સંત-મહંતોના ધાર્મિક અને સામાજિક કાર્યોમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે.

નિયુક્તિ બાદ જીજ્ઞેશભાઈ રામાવતે જણાવ્યું હતું કે રામાનંદી સાધુ સમાજમાં જન્મ મળ્યો હોવાનો તેમને ગર્વ છે અને સમાજે તેમના પર મૂકેલા વિશ્વાસને તેઓ સંપૂર્ણ ન્યાય આપશે. સાધુ સમાજના પાયાના પ્રશ્નોના નિરાકરણ, શિક્ષણ, સંસ્કૃતિ જાળવણી તેમજ સામાજિક જાગૃતિના કાર્યોને પ્રાથમિકતા આપી સમાજને વધુ મજબૂત બનાવવા માટે સતત કાર્ય કરશે.તેમની વરણી બાદ રામદળ, શંભુદળ, વિવિધ અખાડાના સંતો-મહંતો, પીઠાધીશ્વરો, સમાજના આગેવાનો, મિત્રો અને શુભેચ્છકો દ્વારા શુભેચ્છાઓનો વરસાદ વરસાવવામાં આવ્યો હતો.

# આણંદમાં 5 જુલાઈએ સહકાર ભારતીનો અર્બન કો-ઓપરેટિવ બેંક અભ્યાસ વર્ગ

## BR એક્ટ, AI, ડિજિટલ બેન્કિંગ સહિતના વિષયો પર નિષ્ણાતો આપશે માર્ગદર્શન

**સિટી ન્યૂઝ@આણંદ**

'વિના સંસ્કાર, નહીં સહકાર' અને 'વિના સહકાર, નહીં ઉદ્ધાર'ના સૂત્ર સાથે કાર્યરત સહકાર ભારતી-ગુજરાત દ્વારા તા. ૫ જુલાઈ, ૨૦૨૬ (રવિવાર)ના રોજ આણંદ ખાતે રાજ્યસ્તરીય અર્બન કો-ઓપરેટિવ બેંકો માટે વિશાળ અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ જી.એચ. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના મધ્યસ્થ હોલમાં સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૫:૩૦ વાગ્યા સુધી યોજાશે, જેમાં રાજ્યભરના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજરી આપશે



સહકાર ભારતી સ્થાપક શ્રી લક્ષ્મણ રાવ ઇનામદાર વકીલ




તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

અભ્યાસ વર્ગમાં ગુજરાતની અર્બન કો-ઓપરેટિવ બેંકોના ચેરમેન, વાઇસ ચેરમેન, સક્રિય ડિરેક્ટરો, સીઈઓ, એમ.ડી. અને જી.એમ. સહિતના ઉચ્ચ હોદ્દેદારો ભાગ લેશે. કાર્યક્રમમાં સહકાર ભારતીના રાષ્ટ્રીય સંગઠન મંત્રી સંજયજી પાંચપોર, રાષ્ટ્રીય બેંક પ્રકોષ્ઠ પ્રમુખ અભય માટે, રાષ્ટ્રીય સહ પ્રકોષ્ઠ પ્રમુખ નલીનભાઈ વસા તેમજ ક્ષેત્રીય સંગઠન પ્રમુખ જીવણભાઈ ગોલે વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. તેમની ઉપસ્થિતિ કાર્યક્રમને વધુ મહત્વપૂર્ણ બનાવશે.

અભ્યાસ વર્ગ દરમિયાન BR Act, વિઝન ડોક્યુમેન્ટ, સફળ બેંકોના અનુભવો, ફ્યુચર બેન્કિંગ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ડિજિટલાઇઝેશન જેવા આધુનિક અને સમયોચિત વિષયો પર નિષ્ણાતો દ્વારા વિગતવાર માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત બેંકિંગ ક્ષેત્રમાં આવનારા પડકારો અને તકો અંગે પણ ચર્ચા કરવામાં આવશે. સાથે જ સહકાર ભારતી દ્વારા 'સહકાર જ્યોત' અર્બન કો-ઓપરેટિવ બેંક વિશેષાંકનું પ્રકાશન પણ કરવામાં આવશે, જે ભાગ લેનારાઓ માટે ઉપયોગી સાબિત થશે.

આ આયોજનને સફળ બનાવવા રાજ્યને ચાર ઝોનમાં વહેંચી જવાબદારીઓ સોંપવામાં આવી છે, જેથી દરેક વિસ્તારમાંથી વધુમાં વધુ પ્રતિનિધિઓ જોડાઈ શકે. વર્ગના ઇન્ચાર્જ તરીકે કેતનભાઈ પટેલ સમગ્ર આયોજનનું સંકલન સંભાળશે. ગુજરાતભરની અર્બન કો-ઓપરેટિવ બેંકોના પ્રતિનિધિઓ વચ્ચે પરસ્પર અનુભવ વિનિમય, વિચારોની આપલે અને નેટવર્કિંગનો સારો અવસર પણ ઉપલબ્ધ થશે, જે ભવિષ્યમાં બેંકિંગ ક્ષેત્રના વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

## માર્કેટ અપડેટ્સ

ચંદ્રેશ કોઠારી મો.98250 77269 | પલક કોઠારી મો.94295 77269



| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| AASTHA SPINTEX | 29/6 | 01/7 | 125 - 136 | 110 | 14,960 |
| KNACK PACKAGING | 01/7 | 03/7 | 161 - 170 | 88 | 14,960 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| TWINKLE PAPERS | 29/6 | 01/7 | 64 - 69 | 4000 | 2,76,000 |
| ADON AGRO COMMODITIES | 29/6 | 01/7 | 66 - 70 | 4000 | 2,80,000 |
| TEJA ENGINEERING INDUSTRIES | 30/6 | 02/7 | 220 | 1200 | 2,64,000 |
| ATHARVA POLYPLAST | 30/6 | 02/7 | 55 - 60 | 4000 | 2,40,000 |
| SEEMAX RESOURCES | 30/6 | 02/7 | 134 - 141 | 2000 | 2,82,000 |
| SAMPARK INDIA LOGISTICS | 30/6 | 02/7 | 80 - 84 | 3200 | 2,68,800 |
| KRATIKAL TECH | 30/6 | 02/7 | 128 - 135 | 2000 | 2,70,000 |
| VINIT MOBILE | 30/6 | 02/7 | 150 - 158 | 1600 | 2,52,800 |
| IC ELECTRICALS CO. | 03/7 | 07/7 | 94 - 99 | 2400 | 2,37,600 |

### આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- એચડીએફસી લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લિ.ની બોર્ડ મીટિંગ ૧૫ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- એનસીસી લિ.ને જૂન, ૨૦૨૬ દરમિયાન રૂ.૫૩૪.૮૫ કરોડના ૨ ઓર્ડર્સ મળ્યા છે.
- મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ફાઈનાન્સિયલ સર્વિસીસ લિ.ની બોર્ડ મીટિંગ ૨૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર્સ (ઈન્ડિયા) લિ.ને પાવર ગ્રીડ પાસેથી રૂ.૧,૦૦૦ કરોડથી વધુના ઓર્ડર મળ્યા છે.
- સીગલ ઈન્ડિયા લિ.ને પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ, દિલ્હી સરકાર પાસેથી રૂ.૩૩૦.૮૪ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- સુઝલોન એનર્જી લિ.એ જણાવ્યું છે કે કંપનીના એસ૧૭૫ (૫.૦ મેગાવોટ) (ભારતના સૌથી ઊંચા અને સૌથી શક્તિશાળી અને એફડીઆરઈ-તૈયાર વિન્ડ ટર્બાઈન)ના લોન્ચ થયાના બે અઠવાડિયામાં સનસ્યોર એનર્જી પાસેથી ૧૦૫ મેગાવોટનો ઓર્ડર મળ્યો છે.
- ટેક મહિન્દ્ર લિ.ની બોર્ડ મીટિંગ ૧૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- એલએન્ડટી ફાઈનાન્સ લિ.ની બોર્ડ મીટિંગ ૧૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**